
॥ હરિઃૐ ॥

Published by Hariom Ashram, Nadiad, Gujarat


# હરિઃૐ ગુંજન


HARI:OM GUNJAN (Gujarati Bi-Monthly)

Year : 7 • Issue : 4 • 5th Jan., 2025 • Price : Rs. 10

**વસંત પંચમી - દીક્ષાદિન ઉત્સવ તા. ૦૨-૦૨-૨૦૨૫ ને રવિવાર**

હરિઃૐ આશ્રમ, નડિયાદ (વધુ વિગત પાના નં. ૩ ઉપર)

# સ્મરણભાવના

(શિખરિણી - મંદાક્રાંતા) (હરિગીત)

પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ પ્રેમથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ રીતથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ ખંતથી,
તુજ નામનો પ્રભુ તંત જરી ના છોડશું હરગિજ કદી. ૧

જીવનતણા અતિશય કઠણ દારુણ ઝંઝાવાતમાં,
કે સહુ દિશે સૂઝે નહિ એવા જીવન અંધારમાં,
જીવનતણી ચઢતી અને પડતી મહીં પળપળ સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં. ૨

સંસારનાં કર્તવ્યમાં, વ્યવહારીઓની સાથમાં,
સહુ કામમાં, ખાતાં, પીતાં, ઊઠતાં અને વળી બોલતાં;
જે જે કંઈ કરતાં, બધાંની સાથે સાથે વર્તતા સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં. ૩

મુશ્કેલીમાં નડતી અમોને ને ઉપાધિમાં જગે,
ઝઘડા અને કંકાસમાં, દિલમાં થતાં સહુ દર્દમાં;
દિલની અમૂંઝણમાં અને આવી પડેલી ગૂંચમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં. ૪

મનના વિચારોમાં અને મનની બધીએ વૃત્તિમાં,
મન વાસનામાં, પાપમાં, ચિત્તના બધા સંસ્કારમાં;
મનની રમત ને ગમતમાં મનના રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમા. ૫

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઇંદ્રિયોના વિષયમાં,
અમ શરીરકેરા રોમરોમે, હૃદયકેરા લોહીમાં;
રગરગમહીં, નખશિખમહીં, ને શરીરના નવદ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં. ૬

ખટરસતણા સહુ સ્વાદમાં, મીઠી મીઠી બધી વાસમાં,
ઉત્તર ચેતનામાં, બુદ્ધિમાં, ચિત્ત પ્રેરણામહીં, પ્રાણમાં;
અમ લાગણીમાં, ભાવનામાં, પ્રેમમાં, રસમાં બધા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં. ૭

આધાર સૌ નિજનો સદા માની ઉપર જે ધારતું,
માને અતિશય વ્હાલથી જ્યમ બાલુડું પોકારતું;
વિખૂટું પડેલું માડીથી હરપળ કરે શું આરડ્યાં !
તેવી રીતે તુજ નામ પ્રભુ, તારુ સ્મરાજો તાનમાં. ૮

જીવનતણા સહુ ભંગમાં, જીવનતણા સહુ રંગમાં,
જીવનતણા એ અટપટા આડા ઊભા સહુ તારમાં;
મારી ગમે તેવી ભલે હો સર્વ જીવનભાતમાં,
રસીલું વણાયા ત્યાં કરો પ્રિય નામ તારું ભાવમાં. ૯

સંબંધીઓ ને સ્વજનની સહુ વાતમાં ને ચીતમાં,
સંસારના વ્યવહારમાં ને જે થતાં સહુ કાર્યમાં;
પત્ની અને પરિવારમાં છોને પરોવાયેલ હો,
તે તે દશામાંહે પ્રભો ! તુજ નામ પ્રિય હૈયે વસો. ૧૦

પ્રિય નામ-સૂર્ય ઊગ્યા થકી ફીટે જીવનઅંધાર સૌ,
એવું કૃપાથી જીવનમાં અમને ફૂલવજો, ફળવજો;
ચાનક અમોને લાગજો તુજ દિવ્ય જે પ્રિય નામની,
પ્રગટી રહો અમ જીવન તે છાયારૂપે તુજ પ્રેમની. ૧૧

સારાય જીવનપટતણા તાણા અને વાણા વિશે,
ભીંજાયેલા હો રગરગે તુજ પ્રેમથી રંગાયેલા;
તુજ નામના પ્રિય સ્મરણના ઠોકે સદા ઠોકાયેલા,
એવું પ્રભુપદ હો સમર્પિત આ જીવન, હો તુજ કૃપા. ૧૨

તુજ નામનો મહિમા ઋષિઓ કૈંક ભક્ત કવિ કથે,
હું તો બિચારું રાંકડું તે શું કથી કથીને કથે ?
જ્યમ સૂર્ય આગળ આગિયો, દરિયા કને ખાબોચિયું,
હીરા કને જ્યમ કાચ એવો સાવ હું નાદાન છું. ૧૩

ગંગાચરણે, દ્વિતીય, પૃ. ૬ થી ૮

– શ્રીમોટા

હરિઃૐ આશ્રમ, નડિયાદ પ્રકાશન

# હરિઃૐ ગુંજન

'HARI:OM GUNJAN' (Gujarati Bi-monthly)

**વર્ષ-૭, અંક-૪ માનદ્ તંત્રીશ્રી : રાજેન્દ્રભાઈ રાવલ જાન્યુઆરી-ફેબ્રુઆરી, ૨૦૨૫**

## વસંતપંચમી : નવજીવનનું પ્રવેશદ્વાર

પૂજ્ય શ્રીમોટા વસંતપંચમીનું સ્મરણ કરતાં કહેતા કે, 'ગુરુમહારાજે મને સાધનામય જીવનની દીક્ષા આપવા માટે સમય પણ કેવો પસંદ કર્યો ! પ્રકૃતિમાં પણ જ્યારે નવજીવનનાં અંકૂરો ફૂટતા હોય અને હવામાન ખુશનુમા અને સુગંધભર્યું હોય ! વસંતપંચમીના શુભ દિવસે પૂજ્ય બાલયોગીજીએ પૂજ્ય શ્રીમોટાના **આજ્ઞાચક્ર** (બે ભમર વચ્ચેનું સ્થાન) પર ઈ.સ.૧૯૨૩માં એક મોટા ખીલાના મથાળાનો દટ્ટો મારેલો અને શ્રીમોટાની વિચાર પરંપરા અટકી ગયેલી. એ પછી દોઢ દાયકાના સાધનામય જીવન બાદ પૂજ્યશ્રીના હૃદયમાં પરમાત્માનું પૂર્ણ રૂપ પ્રગટી રહેલું.

પ્રભુરૂપ જીવનના આ પ્રવેશદ્વાર પાસે આપણે ઊભા છીએ ? પૂજ્યશ્રીની કૃપાના એંધાણ આપણે પરખીએ છીએ ? આવા પ્રશ્નના મનન-ચિંતન દ્વારા આપણે પૂજ્યશ્રીના બની રહેવા કેટલાં મથીએ એ જાણવા-સમજવાનું આ પર્વ છે.

પૂજ્યશ્રીએ એમના હજારો સ્વજનોના આજ્ઞાચક્ર પર સૂક્ષ્મ સ્પર્શ કર્યો છે. એનાથી આપણામાં એક પરિણામ નીપજયું છે અને જીવનમાં શાંતિ પામવા માટેની અનેક શકયતાઓ પણ આવી સૂક્ષ્મ વિધિથી સક્રિય બની છે. આપણે અનુભવી શકતા નથી એમાં આપણી સ્વીકારાત્મકતાનો અભાવ છે. ગમે તે સમયે પૂજ્યશ્રીની છબી સામે સ્થિર બેસી પ્રાર્થનાભાવ હૃદયમાં જાગ્રત કરી, માત્ર તેઓશ્રીને નીરખી રહેવાથી આપણે વિચારોની પરંપરામાંથી છૂટ્યાનો એટલી ક્ષણ પૂરતો અનુભવ કરીએ છીએ.

વળી, પૂજ્યશ્રીએ કૃપા કરીને આપણા સૌના કાનમાં એક મહામંત્ર અકળ રીતે અને ગૂઢ રીતે કહ્યો છે. આ મંત્ર કાંઈ ગુપ્તમંત્ર નથી. છતાં જે કોઈ પોતાના પ્રયત્ન વિના જ એનો ઉચ્ચાર કરતા થઈ ગયા છે એ સૌને આ 'શબ્દ' કૃપાથી પ્રાપ્ત થયો છે. કર્ણ દ્વારા અપાયેલો એ મહામંત્ર **'હરિઃૐ'** આપણે આપણા હૃદયમાં પહોંચાડી ત્યાં સ્થિર કરવા મથવાનું છે.

આપણે પ્રાપ્ત દીક્ષાને પ્રમાણીએ. સમયનો સંદર્ભ એવો હતો કે પૂજ્યશ્રીએ પોતે ગુરુપદ જાહેર કરેલું નહિ. કેમકે આપણામાં પણ શિષ્યત્વનો ભાવ જાગ્રત પણ થયેલો નહોતો. આમ છતાં પૂજ્યશ્રીએ અપાર કરુણાથી આપણને **'સ્વજન'** રૂપે સ્વીકાર્યા અને વધાવ્યા.

આ પ્રગટ પરમાત્મારૂપ પૂજ્ય શ્રીમોટાના **'સ્વજન'** તરીકેની આપણી જવાબદારી માટે આપણે જાગ્રત થઈએ.

## શ્રીહરિ મોટાનો ૧૦૩મો દીક્ષાદિન (વસંત પંચમી)

શ્રીહરિ મોટાના ગુરુમહારાજ શ્રી કેશવાનંદજી (ધુણીવાળાદાદા-ખંડવા)ની દોરવણી મુજબ સદ્‌ગુરુશ્રી બાળયોગીજી મહારાજે સને ૧૯૨૩માં વસંત પંચમીના દિવસે દીક્ષા આપેલી જેને ૧૦૩ વર્ષ થાય છે. તે નિમિત્તે હરિઃૐ આશ્રમ, નડિઆદ દ્વારા ઉત્સવની ઉજવણી યજમાન દ્વારા કરવામાં આવનાર છે. તો સર્વે સ્નેહીજનોને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**ઉત્સવના યજમાન :– શ્રી અનિલભાઈ એમ. શાહ, મુંબઈ**

**-: કાર્યક્રમ :-**

તા. ૨-૨-૨૦૨૫ રવિવાર : સવારે ૮-૦૦ થી ૮-૩૦ અલ્પાહાર, ચા-કોફી
૮-૩૦ થી ૧૨-૦૦ મંગલાષ્ટક, પ્રાર્થના, હરિઃૐ ધૂન, ભજન
૧૨-૦૦ થી ૧૨-૩૦ આભારવિધિ, ગુરુવંદના, મહાપ્રસાદ

સ્થળ : હરિઃૐ આશ્રમ, દખ્ખણિયો ઓવારો, શેઢી નદીના કાંઠે,
જૂના બિલોદરા ગામ, નડિયાદ-કપડવંજ રોડ, નડિયાદ-૩૮૭ ૦૦૧

**સંપર્ક : આશ્રમ : ૭૯૭૯૦૪૬૨૮૮, પરેશભાઈ : ૯૪૦૮૯૨૦૭૫૭, મંગેશભાઈ : ૯૮૨૫૦૮૩૦૮૦**

WEBSITE : www.hariomashram.in E-MAIL : hariommota10@gmail.com

ટ્રસ્ટીમંડળ

શ્રી જિતેન્દ્રકુમાર જી. અમીન
શ્રી રાજેન્દ્રભાઈ બી. રાવલ
શ્રી જોગેશ(મંગેશ)ભાઈ ડી. પટેલ
શ્રી પ્રણવભાઈ એસ. પટેલ
શ્રી કીર્તિભાઈ બી. પરમાર

**પમી તારીખે દ્વિમાસિક અંક પ્રગટ થાય છે.**

બદલાયેલ સરનામાની જાણ ગ્રાહક નંબર સાથે આશ્રમના વોટ્સએપ નંબર ઉપર અથવા હરિઃૐ આશ્રમ, પો.બો. નં. ૭૪, નડિયાદ- ૩૮૭૦૦૧ને કરવી.

**હરિઃૐ આશ્રમ, નડિયાદ**

**આશ્રમ : ૭૮૭૮૦ ૪૬૨૮૮**
**પરેશભાઈ : (મો.) ૯૪૦૮૯ ૨૦૭૫૭**
**રાજેન્દ્રભાઈ : (મો.) ૯૯૭૮૪ ૦૫૨૩૧**

**લવાજમ**

છૂટક નકલ : રૂ. ૧૦/- વાર્ષિક : રૂ. ૬૦/-
પાંચ વર્ષ : રૂ. ૨૫૦/- દસ વર્ષ : રૂ. ૪૦૦/-

**પ્રકાશન સ્થળ : હરિઃૐ આશ્રમ, પો.બો. ૭૪, શેઢી નદીને કિનારે, જૂના બિલોદરા, નડિયાદ-કપડવંજ રોડ, નડિયાદ-૩૮૭૦૦૧**

**મુદ્રક :** સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ., સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૨૨

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | પૂજ્યશ્રી મોટા કથિત ‘સાધના મર્મ’નું વિવરણ-૧ | — રમેશ ભટ્ટ | ૫ |
| ૨. | લગ્ન | — સંપાદક - રમેશ ભટ્ટ | ૯ |
| ૩. | નામ ગુપ્ત રાખનાર દાતા | — રમેશ મ. ભટ્ટ | ૧૧ |
| ૪. | સખા-સદ્‌ગુરુ | — રમેશ ભટ્ટ | ૧૪ |
| ૫. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | — શ્રીમોટા | ૧૭ |
| ૬. | નારીને શિખામણ | — સુશીલાબેન અમીન | ૧૯ |
| ૭. | ભાઈશ્રી નંદુભાઈની સેલ્સમેનશીપ | — બાબુ સરકાર | ૨૦ |
| ૮. | સાઉન્ડ પ્રૂફ મૌનઓરડા અંગે શ્રીમોટાની ભાવના | — હરિઃૐ આશ્રમ, સુરત | ૨૧ |
| ૯. | પ્રેમ | — રમેશ ભટ્ટ | ૨૪ |
| ૧૦. | ગયેલા આત્માને હૃદયસ્પર્શી શ્રદ્ધાંજલી | | ૨૫ |


**હરિઃૐ આશ્રમ, નડિયાદને દાન-ભેટ આવકાર્ય છે.**

આશ્રમના બેંકખાતામાં કોઈ પણ બેંકની પેમેન્ટ એપ, RTGS, NEFT, IMPS, UPI મારફતે દાન/ભેટ મોકલી શકાય છે.

| | | |
|---|---|---|
| એકાઉન્ટનું નામ | : | **હરિઃૐ આશ્રમ, નડિયાદ,** HARI OM ASHRAM, NADIAD |
| બેંકનું નામ | : | BANK OF BARODA - બેંક ઓફ બરોડા, Mission Road Branch, Nadiad |
| સેવિંગ્સ એકાઉન્ટ નંબર | : | 72850100008267 |
| IFSC કોડ | : | BARB0DBMISS (Fifth Character is ZERO) (પાંચમો આંકડો શૂન્ય સમજવો.) |

ઓનલાઈનથી દાન મોકલનાર **સ્વજને તેમનું પૂરું નામ, અટક, સરનામા (પીનકોડ સહિત)**ની જાણ નીચે દર્શાવેલ વ્હોટ્સએપ નંબર ઉપર **મોબાઈલ નંબર, પાનકાર્ડ** સાથે અચૂક કરવાથી જ ઈન્કમટેક્ષમાંથી કરમુક્તિને પાત્ર 10BE સર્ટી આપી શકાશે. અન્યથા કરમુક્તિ મળવાપાત્ર થશે નહિ. **(ઈન્કમટેક્ષ એક્ટની કલમ ૮૦(જી)(૫) અન્વયે ભેટની રકમ કરમુક્તિને પાત્ર છે.)**

**વ્હોટ્સએપ નંબર : પરેશભાઈ શાહ (મેનેજર) : ૯૪૦૮૯ ૨૦૭૫૭ અથવા રાજેન્દ્રભાઈ રાવલ : ૯૯૭૮૪ ૦૫૨૩૧**

**ઉપરોક્ત પદ્ધતિથી ‘હરિઃૐ ગુંજન’નું લવાજમ પણ મોકલી શકાશે.**

## ૧. પૂજ્યશ્રી મોટા કથિત 'સાધના મર્મ'નું વિવરણ-૧

- રમેશ ભટ્ટ

**'મુખથી કે મનમાં જાગૃતપણે જપ; સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનાના ચિંતવન સહ ભાવાત્મક ભાવનું રટણ.'**

શ્રીમોટાએ **'સાધનામર્મ'**ના આ સૂત્રમાં ભગવાનના નામના જપની ક્રમિક પદ્ધતિ ટૂંકમાં દર્શાવી છે. **જે કોઈ વ્યક્તિ પોતાના જીવનને હાલની જીવદશા-મતલબ કે પ્રાકૃતિક દશા, એટલે કે પ્રકૃતિના જ પટમાં વહી જતી દશાનો પટ ચેતન પ્રત્યે પલટવા ઝંખતી હોય તો એ પ્રક્રિયા માટે એવા જ પ્રકારનું સૂક્ષ્મ સાધન સિદ્ધ કર્યા વિના એનો છૂટકો નથી. જીવદશામાંથી આત્મદશાના અનુભવમાં જવા માટે સંસ્કારપ્રેરિત આવેગો તથા સ્વભાવનાં વલણોનો ત્યાગ કરવા માટે પણ કોઈક સાધનની જરૂર હોય જ.**

આપણી સાધનાપદ્ધતિમાં જપ, ધ્યાન, ધારણા, ત્રાટક વગેરે સાધનો જાણીતાં છે. આમ છતાં **શ્રીમોટાએ ભગવાનના નામનો જપ કરવાનું પ્રેમભાવે સૂચવ્યું છે એનો ખાસ હેતુ છે. કેમકે આપણાં અંતઃકરણો પૈકી ચિત્તની શુદ્ધિ થાય એટલે કે ચિત્તમાંથી પ્રગટતા સંસ્કારો વહી જવા દેવાય અને સાથે મન ઈન્દ્રિયોના વિષયને બદલે બીજી ઊર્ધ્વકક્ષાની ભાવનામાં એકાગ્ર થાય એ માટે જપ એ ઉત્તમ સાધન છે. બીજું, આપણે સંસારમાં રહીને, અનેક પ્રકારની આશા, ઈચ્છા, તૃષ્ણા, લોલુપતા, કામ, ક્રોધ જેવા રાગદ્વેષાદિને લીધે આપણા પ્રાણની શક્તિ ગુમાવી છે અને પરિણામે આપણાં ફેફસાં નબળાં પડેલાં છે. આથી ઊંચા પ્રકારનાં સૂક્ષ્મ સાધનો કરવાથી ક્યારેક નુકસાન થવા પણ સંભવ છે. જ્યારે જપના સાધનના અભ્યાસથી એવું કશું જ નુકસાન થતું નથી. ત્રીજું, જપ કરવા માટે સ્થળ-સમયના નિશ્ચિતપણાની અનિવાર્યતા ઉપરાંત હરતાં-ફરતાં તથા અન્ય ક્રિયાઓ કરતાં કરતાં પણ જપ થઈ શકે છે.** આથી હરિભાવ અનુભવવા માટે જપ એ સરળ સાધન છે.

આમ જપ કરવો સરળ હોવા છતાં, જપ કરવાની બાબત લખવા કે બોલવા જેટલી સુલભ નથી એમ કહેવાય છે. **ધન મેળવવું સુલભ છે, કીર્તિ રળવી સહેલ છે, સ્વરૂપવાન સ્ત્રીના પતિ બનવું પણ શક્ય છે, પરંતુ ભગવાનનું નામ લેવાવું એ દુર્લભ છે. ભગવાનનું નામ ભગવાનની કૃપાશક્તિ વિના લેવાનું મુશ્કેલ છે. શ્રીમોટાએ પોતાની સાધનાનો આરંભ 'હરિઃૐ'ના જપથી કર્યો અને એ નામ એવું ઘૂંટાયું કે એની સૂક્ષ્માતિસૂક્ષ્મ શક્તિમત્તા અણુ-પરમાણુમાં પ્રસરી ગઈ.** પરિણામે શ્રીમોટાના સ્મરણમાત્રથી પ્રભુના નામનું સ્મરણ સુલભ બની શક્યું છે. શ્રીમોટાની કૃપાશક્તિથી ભગવાનનું નામ લેવાય છે. ભગવાનનું નામ નિરંતર લેવાય એ માટે શ્રીમોટાએ આપણે માટે અનેક પ્રકારની પ્રાર્થનાઓ પણ રચી આપી છે. આથી આપણે ભગવાનના નામને જપી શકીએ એવી શક્તિ પામીએ.

**હવે ભગવાનનું નામ કેવી રીતે લેવાય એ શ્રીમોટા દર્શાવે છે. સૌથી પહેલું તો મુખથી-મોટેથી ભગવાનનું નામ બોલાવું જોઈએ.** ભગવાનનું નામ બોલતાં ઘણા માણસો સંકોચ અનુભવે છે. આ સંકોચ એક ખોટી ગ્રંથિ છે. **ભગવાનનું નામ મુખેથી-મોટેથી બોલવાથી પહેલું પરિણામ તો સંકોચની ગાંઠ તૂટે છે.** એથી માનસિક મોકળાશ અનુભવાય છે. **મુખથી-મોટેથી**

**ભગવાનનું નામ લેતાં લેતાં અન્ય કોઈને ખલેલ જણાય તો ભગવાનનું નામ આપણે બોલીએ અને આપણે સાંભળીએ એટલું ધીમેથી બોલવું જોઈએ. આનો અભ્યાસ પાકો થાય નહિ ત્યાં સુધી આ પ્રક્રિયા ચાલુ જ રાખવી જોઈએ. આપણે મનમાં ભગવાનનું નામ લઈએ છીએ એવી માન્યતામાં ભ્રાન્તિ હોય છે.** ભલભલા આવી ભ્રાન્તિમાં અટવાતા હોય છે. શ્રીમોટાને એક વિદ્વાન અધ્યાપકે કહેલું કે, 'મોટા, મારે તો માનસિક જપ ચાલુ જ હોય છે.' ત્યારે શ્રીમોટાએ કહેલું, 'તમે અત્યારે માનસિક જપ કરો. હું તમને કહી આપું કે તમારું મન જપ કરે છે કે બીજું કંઈ કરે છે ?' આ પરથી ફલિત થાય છે કે માનસિક જપ એ તો જપની પ્રક્રિયામાં ઘણી ઊંચી કક્ષા છે. **આથી સૌથી પ્રથમ મુખથી જપનો અભ્યાસ પાકો કરવો જોઈએ. એ પછી અવાજ ન નીકળે પણ હોઠ હાલે અને મોંમાં જીભ હાલે એ પ્રમાણે ભગવાનનું**

નામ બોલાયે જવું જોઈએ. એવો પાકો અભ્યાસ કેળવવાનો રહે છે.

આ રીતે મુખથી જપ કરવાની ત્રણ પદ્ધતિઓ છે. **આ ત્રણેય પદ્ધતિથી આપણા સમગ્ર જ્ઞાનતંતુઓ સ્પંદિત થાય છે અને ધીમે ધીમે મનના વિચોરાની હારમાળાનો વેગ ધીમો પડે છે. પરિણામે માનસિક શાંતિ અનુભવાય છે. આવી માનસિક શાંતિ સ્થિર થયા પછીથી માનસિક જપનો આરંભ કરાય છે.**

આ ઉપરાંત ભગવાનના નામના જપ કરવાની પ્રક્રિયાને શ્રીમોટાએ વધુ વૈજ્ઞાનિક બનાવી છે અને વૈજ્ઞાનિક પદ્ધતિથી કરેલા જપનું પરિણામ ટૂંકા ગાળામાં અનુભવાય એ રીતે પ્રયોગ કરવાનું પણ તેઓશ્રીએ સૂચવ્યું છે.

(૧) **પ્રથમ, જપ કરવા માટેની સૌથી પહેલી મહત્ત્વની બાબત જાગૃતિ છે. જપ જાગૃત રહીને કરવાનો છે. જપ કરતાં શેની જાગૃતિ રાખવાની ?** આ વાત સમજવા માટે જપ શા માટે કરવાના છે એ જાણવું જોઈએ. **શ્રીમોટા કહે છે કે જપ મનની એકાગ્રતા કેળવવા માટે છે. મનનું કાર્ય સંકલ્પ-વિકલ્પો કર્યા કરવાનું છે. મન ક્યારેય અટકતું નથી. પણ મન હંમેશાં ચંચળ હોય છે એ વાત સાચી નથી. મનને જે વિષયમાં રસ પડે છે ત્યાં એ સ્થિર અને એકાગ્ર હોય છે. આથી જપથી મનના સંકલ્પ-વિકલ્પ ઘટે એવી જાગૃતિ રાખવી જોઈએ.** આવી જાગૃતિ કેવી રીતે રહે ? દરેકનો એવો અનુભવ છે કે જ્યારે ભગવાનનું નામ લેવા બેસીએ છીએ એટલે મનમાં વિચારો પુષ્કળ આવે છે. જ્યારે રોજિંદા કામમાં હોઈએ છીએ ત્યારે મન કામમાં પરોવાયેલું હોવાથી એટલા પ્રમાણમાં વિચારો નથી આવતો એના કરતાં અનેક ગણા વિચારો ભગવાનનું નામ લેતાં આવે છે. આથી કેટલાક લોકો અકળાઈ જાય છે. **પરંતુ ભગવાનનું નામ લેતાં મનમાં ઊભરાતા વિચારો એ જપનું પહેલું પરિણામ છે. આથી જપ કરતાં વિચારો આવતા નથી, પણ વિચારો જાય છે-એમ સમજીને ભગવાનનું નામ બોલવા સાથે એ વિચાર સાથે આપણે જાતે કરીને વિચારને અનુરૂપ બીજા વિચારની કડી ન જોડીએ એવી જાગૃતિ રાખવાની છે.**

(૨) **બીજું, ભગવાનનું નામ લેતાં કંટાળો આવે કે નામ લેવાનું બંધ કરવાનો પણ વિચાર આવે તો એને ગાંઠવો ન જોઈએ, કેમ કે આપણે આ સાધન મનને સ્થિર કરવાના હેતુથી લીધું છે. એથી એને અસ્થિર રાખનારાં બળોને ગણકારવાં નહિ. આને જ પુરુષાર્થ કહેલો છે.**

(૩) **ત્રીજું, ભગવાનનું નામ લેતાં મન એ નામ લેવામાં રસ લેતું થાય એમ મન સાથે વાતચીત પણ કરવી જોઈએ.** આ માટે શ્રીમોટાએ **'મનને'**માં જે કહ્યું છે એનો જરૂર પ્રમાણે ઉપયોગ કરવો જોઈએ.

**આવી ત્રણ પ્રકારની જાગૃતિ સાથે જપ કરવો જોઈએ.** જાગૃતિ મંદ પડે કે જપ કરવાનું ભુલાઈ જવાય તો એકદમ ચેતી જઈને પ્રાર્થના કરવી જોઈએ.

**આ ઉપરાંત જપ સાથેની જાગૃતિ ચિત્તશુદ્ધિની પ્રક્રિયા માટે છે.** આપણા ચિત્તમાંથી પૂર્વકર્મના સંસ્કારો સતત ઉદય થતા હોય છે. એ જ મનના વિચારોરૂપે ફૂટે છે. પણ **કેટલાક સંસ્કારો એટલા બળવાન હોય છે કે આપણા પ્રકૃતિ-સ્વભાવનો આશ્રય લઈને એકદમ કર્મમાં ધક્કેલી દે છે. જપ કરતાં આની સામે જાગૃત રહેવાનું હોય છે.** એ સંસ્કારોમાં જે નકારાત્મકતા હોય-મતલબ કે **આપણને પરિણામે અશાંત કરનાર હોય-આપણા જીવનધ્યેયથી ઊંધે લઈ જનારા હોય એને બિલકુલ ટેકો ન આપવા માટે જપ કરવાના છે.**

આપણામાં **આવો પુરુષાર્થ પ્રેરવાની જપમાં શક્તિ હોય છે. પણ એના પ્રત્યે સભાન નથી હોતા એટલે એ શક્તિ અનુભવતા નથી.**

આ રીતે જોતાં **જપનો મુખ્ય હેતુ તો મનને એકાગ્ર કરવાનો અને મનને ચેતનમાં રસ લેતું કરવાનો છે.** શ્રીમોટાએ જપની ક્રિયા સાથે બીજા એક સાધનની પદ્ધતિ જોડી છે. **જ્યારે મુખથી કે મનમાં હેતુની જાગૃતિથી જપ થયા કરે અને એનો અભ્યાસ જેમ જેમ પાકો થતો જાય ત્યારે એની સાથે ધ્યાનના પ્રયોગને જોડવાનું શ્રીમોટાએ સૂચવ્યું છે.**

**ધ્યાન એટલે શું ? ધ્યાન ક્યાં કેન્દ્રિત કરવું ? શેનું-કોનું ધ્યાન કરવું ?** એ પ્રશ્નો સૌથી પહેલાં સમજી લેવા જોઈએ. આપણે **સૌએ-મતલબ કે, સૌ સંસારીજનોએ ચેતન પ્રત્યે-પ્રભુ પ્રત્યે વળવા માટે**

ભગવાનના નામના જપ કરવાનું જ પહેલું મહત્ત્વ સ્વીકારવાનું છે. ધ્યાન એ જપ કરવા 'સાથે સાથે' જોડવાની ક્રિયા છે.

આપણે શેનું ધ્યાન રાખવાનું છે ? એનો જવાબ એ કે આપણે ધ્યેયનું ધ્યાન રાખવાનું છે. આપણો ધ્યેય શો છે ? જો આપણે ધ્યેય નક્કી કરી શકીએ તો આપણાથી ધ્યાન રહી શકશે. પરમાત્માનો-ચેતનનો અનુભવ કરવો એ આપણા જન્મનો હેતુ છે અને આપણા જીવનનો ધ્યેય છે. જપ માટેનો જે શબ્દ આપણે સ્વીકારીએ છીએ એ શબ્દ 'ચેતન શબ્દ' હોય છે. શ્રીમોટાએ 'પ્રભુ' 'ઈશ્વર' 'હરિ' શબ્દ ઉપરાંત 'ચેતન' શબ્દ વારંવાર વાપર્યો છે. એ ચેતન સર્વત્ર, સર્વમાં ગૂઢ રહેલું છે અને જ્યાં ત્યાં બધે એની શક્તિનો જ આવિર્ભાવ થયેલો જણાય છે. આથી 'ચેતન છે જ.' એ વિચાર પહેલો દઢ થવો જોઈએ. એ વિચાર મનમાં દઢ થાય પછી 'ચેતનના હોવાપણા'નો સ્વીકાર મન અને બુદ્ધિથી થયા કરવો જોઈએ. જે ચેતન બધે જ અને બધામાં રહેલું છે એ આપણામાં તો છે જ. માટે 'ચેતન'ના આપણામાં 'હોવાપણા'ની સભાનતા રહ્યા કરવી જોઈએ.

શ્રીમોટાએ 'સભાનતા' શબ્દ વારંવાર વાપર્યો છે. એ વિશિષ્ટ અર્થ સૂચવે છે. આપણે સૌ જીવનવ્યવહારમાં જે રીતે વર્તીએ છીએ ત્યારે આપણે 'ભાનમાં' હોઈએ છીએ. એમાં જે ચોકસાઈ અને કાળજી રાખીએ છીએ એ જ દર્શાવે છે કે એ બધું આપણે પૂરા ભાન સાથે કરીએ છીએ. પરંતુ 'ચેતન' તો અતિ સૂક્ષ્મ છે. એ આપણને આપણા રોજિંદા વ્યવહારમાં જેવું દેખાતું નથી. આથી એનું 'હોવાપણું' નક્કર 'વાસ્તવિક' હોવા છતાં એ જાણે 'છે જ નહિ' એ રીતે જ આપણું આયુષ્ય વહ્યે જાય છે. આવું જે 'છે જ નહિ' એવા ચેતન પ્રત્યે આપણું બેભાનપણું વર્તે છે. આમ આપણે બધા જ વ્યવહાર દરમિયાન ભાનમાં હોવા છતાં 'ચેતન' કે 'પ્રભુ'ના 'હોવાપણા' પ્રત્યે બેભાનપણે વર્તીએ છીએ. એટલા જ માટે શ્રીમોટાએ 'ચેતનના હોવાપણા'ની સભાનતા રાખવાનું ખાસ સૂચવ્યું છે. આવી સભાનતા મન, બુદ્ધિથી સ્વીકારીને દઢ કરવી જોઈએ. એમ થાય ત્યારે એનું ધ્યાન રહેતું થાય. શ્રીમોટાએ કહેલું છે કે, 'ધ્યાન એ ક્રિયા નથી પણ અવસ્થા છે.' ધ્યાન કરવાનું ન હોય, ધ્યાન તો રહે. ધ્યાન ક્યારે રહે ? એક, તો ધ્યેય નક્કી-નિશ્ચિત થયું હોય તો ધ્યાન રહે અને બીજું, એનું મહત્ત્વ, એની અનિવાર્યતા-તેના વિના કશું જ બની શકે એમ નથી-એમ સ્વીકારાયું હોય તો ધ્યાન આપોઆપ રહે.

હવે આપણામાં નિગૂઢ ચેતન ક્યાં છે ? ક્યાં કેન્દ્રિત છે ? શ્રીમોટાએ એનું સ્થાન હૃદયમાં છે એમ દર્શાવતાં લખ્યું છે કે, 'હૃદયપ્રદેશે ધ્યાન' રાખવું. શ્રીમોટાએ તો પ્રભુનું નામ સતત લેવાનું કહ્યું છે. આવું સતત નામ 'હૃદયમાંહે' લેવાનું કહ્યું છે. જો આવી સ્થિતિ થાય તો પ્રભુ આપણું બધું જ સારું કરશે એવું પ્રબળ શ્રદ્ધાવચન શ્રીમોટાએ આપણને આપ્યું છે.

'પ્રભુનું નામ લીધાં તે સતત કરતો હૃદયમાંહે,
પ્રભુ સારું બધું કરશે, હૃદય વિશ્વાસ ધરજો તે.'

જીવન પાથેય, ત્રીજી આ. પૃ. ૧૭૭

શ્રીમોટાએ આવા હૃદયને 'હૃદયપ્રદેશ' તરીકે ઓળખાવ્યો છે.

શ્રીમોટાએ વાપરેલો 'હૃદય' શબ્દ સમજવા જેવો છે. આપણા શરીરમાંના સ્થૂળ હૃદયને આપણે ઓળખીએ છીએ. એ હૃદયના ધબકારા આપણે સાંભળી પણ શકીએ છીએ. એ હૃદય આપણી જિંદગીને ટકાવનારું છે. જ્યારે ચેતનનો-પ્રભુનો અનુભવ જ્યાં થવાનો છે એ 'હૃદય' છાતીના મધ્યભાગના છેક ઊંડાણમાં છે. શ્રીમોટાએ 'હૃદયપ્રદેશ' શબ્દ વાપર્યો છે એ તદ્દન યોગ્ય છે, કેમકે એ સૂક્ષ્મ હૃદયનો અનંત વિસ્તાર છે. શ્રીમોટાએ એમના પત્રોમાં 'હૃદયથી, હૃદયમાં, હૃદયને' પ્રાર્થના કર્યાનો વારંવાર ઉલ્લેખ કર્યો છે. આમાં ત્રણ વખત વપરાયેલો 'હૃદય' શબ્દ સ્થાનવાચક નથી, પરંતુ કક્ષાવાચક છે. આ હકીકત વધારે ઝીણવટથી સમજીએ.

આપણે વ્યવહારમાં લાગણી, ઊર્મિ વગેરે અનુભવીએ છીએ એ આપણા હૃદયની પહેલી કક્ષા છે. આવા હૃદયને આપણે ઓળખીએ છીએ. આપણી આવી લાગણીઓ, ઊર્મિઓ વગેરે સાંસારિક દશાનાં હોય છે, મતલબ કે જીવદશાનાં હોય છે. પણ જેઓ

પોતાના જીવનનો વિકાસ કરવાની ઝંખના રાખે છે એમણે આવી ઊર્મિનો ઉપયોગ કરવાનો હોય છે. **આથી શ્રીમોટા 'હૃદય'થી-મતલબ કે જે ઊર્મિ કે લાગણી જાગી છે એવી ઊર્મિથી પ્રાર્થના કરવાનું સૂચવે છે. આપણા હૃદયની આ પ્રાથમિક કક્ષા છે.**

હવે આવા **'હૃદયથી' કરાતી પ્રાર્થના હૃદયમાં જ કર્યા કરવાની છે. પ્રભુનું નામ હૃદયમાં લીધા કરવાનું જે કહેવાયું છે એનું તાત્પર્ય હૃદયની આવી ઊંચી કક્ષા સૂચવે છે. ઊર્મિનો ઉપયોગ ભગવાનના નામમાં કરવાથી હૃદયની કક્ષા વધારે સૂક્ષ્મ બને છે. એવું 'હૃદય' ઊર્ધ્વ ભાવોને જન્માવે છે અને ભાવનાઓને આકાર આપે છે. આપણને ભગવાનનું નામ લીધાથી એવું નામ લેવાનો અને અહંકાર વિનાની ભાવનાથી કર્મ આચરવાનો જે ઉમળકો, ઉલ્લાસ, ખંત, ફનાગીરી, ત્યાગ વગેરે સહજ જાગે છે એ ઊર્ધ્વકક્ષાના આવા હૃદયનું લક્ષણ છે.**

શ્રીમોટાએ એક ગઝલપંક્તિમાં લખ્યું છે કે, **'હૃદયની ભાવના કેરો ઉમળકો વ્યક્ત લક્ષણ છે.'**

**એટલે આવા હૃદયપ્રદેશ પર આપણું ધ્યાન રહે તો આપણાથી લેવાતું પ્રભુનામ ઉઠાવ પામે છે અને મનની એકાગ્રતા, ચિત્તની શુદ્ધિ અને હૃદયની ભાવના એક સાથે સધાય છે.** શ્રીમોટા ચેતનના અનુભવના કેન્દ્રરૂપ **'હૃદયને'** પ્રાર્થના કરે છે ત્યારે **'હૃદય'** એની ઉચ્ચતમ કક્ષાએ ચેતનરૂપ જ બનેલું છે. કેમકે **ચેતનનો, પ્રભુનો, હરિનો, જે અનુભવ છે એ હૃદયમાં અનુભવાય છે.** આવા હૃદયમાં થતા અનુભવનાં લક્ષણ શ્રીમોટાએ સ્પષ્ટ દર્શાવ્યાં છે. જ્યારે ચેતનનો અનુભવ આ હૃદયમાં થાય છે ત્યારે **(૧) જ્ઞાન, (૨) સામર્થ્ય અને (૩) આનંદ એકસામટાં ઊગે છે. (જુઓ 'જિજ્ઞાસા') હૃદયમાંનો આવો અનુભવ અનંત વિસ્તારવાળો હોવાથી, સમગ્રતાનું જ્ઞાન અનુભવમાં ઊગે છે. આ જ ભગવાનનાં દર્શન છે. આ અનુભવ પર પહોંચવું એ માનવમાત્રના જીવનનું લક્ષ્ય છે.** આથી શ્રીમોટાએ આવા પરમ લક્ષ્ય તરફ ધ્યાન કેન્દ્રિત કરવાનું સૂચવ્યું છે. **ભગવાનનાં દર્શન ભાવરૂપે અનુભવાય છે. એ પણ હૃદયનો જ ગુણધર્મ છે.**

આથી ઉચ્ચતમ કક્ષાના હૃદયમાં અનુભવ પામવો એ સૌનું ધ્યેય બને છે. **આવું ધ્યેય નિશ્ચિત કરાય, એવા અનુભવ માટે ફના થવાની તમન્નાવાળો નિર્ણય થાય, અને એ દિશામાં ગતિ કરતાં જિજ્ઞાસાગ્નિને જ્વાળામુખી જેવો ભડભડતો કરાય, તો આવા ધ્યેય પ્રત્યે આગળ વધાય છે. આવો અગ્નિ 'પ્રભુના નામ'ની ફૂંકોથી પ્રજ્વલિત કરતાં કરતાં એક ક્ષણે જરૂર ભભૂકી ઊઠવાનો છે એવી દૃઢ શ્રદ્ધાથી જપ કર્યા કરવાનો છે.**

આવો ધ્યેય સ્વીકારાય એટલે હૃદયપ્રદેશે ધ્યાન આપોઆપ રહ્યા કરે.

**ચેતન અમૂર્ત છે. અમૂર્ત પ્રત્યે એકાગ્ર થવું મુશ્કેલ છે. આથી સાકારનું ધ્યાન કરવાનું સરળ રહે છે. એ માટે ભગવાનનું મૂર્તરૂપ હોવું જોઈએ.** દરેક વ્યક્તિ પોતાના સંસ્કાર પ્રમાણે ભગવાનના મૂર્તરૂપનું ધ્યાન કરી શકે છે. **શરૂઆતમાં આવી મૂર્તિને સન્મુખ રાખવાથી ધ્યાન થાય છે, પરંતુ મૂર્તિને હૃદયમાં ધારીને એનું ધ્યાન કરવું વધારે શ્રેયસ્કર છે.**

બધી જ મૂર્તિઓમાં શ્રેષ્ઠ મૂર્તિ ગુરુની મૂર્તિ છે. **જે માનવદેહમાં ચેતનનો અનુભવ પ્રગટ્યો હોય, એ અનુભવ નિરંતર રહીને જે ચેતનમાં નિષ્ઠા પામેલા હોય, એવા ગુરુની મૂર્તિનું ધ્યાન કરવાનું સૂચવાયું છે. ધ્યાનનું મૂળ ગુરુની મૂર્તિ છે.** ગુરુની જે કોઈ મુદ્રા આપણા ચિત્તમાં સ્થિર થઈ હોય, આપણા મનની જ આંખ સમક્ષ એટલે કે દૃષ્ટિ સમક્ષ, કલ્પનાની શક્તિથી મૂર્તિ તાદૃશ્ય થતી હોય **એની હૃદય પર ધારણા કરવાથી આપણે 'હૃદયપ્રદેશે ધ્યાન' કરી શકીએ છીએ.**

**કોઈ પણ માન્ય કે પ્રતિષ્ઠિત મૂર્તિ કરતાં આવા ગુરુની સચેતન મૂર્તિનું ધ્યાન આપણને વેગથી ઊર્ધ્વગતિમાં પ્રેરે છે, કેમકે આપણે એમનું કોઈક પ્રકારનું નિમિત્ત બનેલા છીએ.**

આ રીતે આપણે ભગવાનના નામના જપની સાથેસાથે હૃદયપ્રદેશે ધ્યાન રાખવાનો અભ્યાસ કેળવી શકીશું તો આ અવસ્થા જપ કરતાં ઘણી આગળની સ્થિતિ પર આવે છે.

શ્રીમોટાએ ભગવાનનું નામ લેવાની આવી વધુ અસરકારક પરિણામદાયી વૈજ્ઞાનિક પદ્ધતિ દર્શાવી છે.

**સમજની બારી, પ્રથમ આ. પૃ. ૯ થી ૧૮**

**સ્વજન :** મોટા, મનુષ્યના જીવનમાં અનેક ઘટનાઓ બન્યા જ કરે છે. એમાં **લગ્ન એ જીવનના પ્રવાહની વચ્ચે બનતી એક મહાન ઘટના છે. આપણા હિંદુધર્મે એનું ભારે ગૌરવ કર્યું છે.** લગ્નના હાર્દ વિશે ભિન્ન ભિન્ન વિચારકોએ લખ્યું પણ છે, પણ **ઉચ્ચ અને સુખી જીવન જીવવામાં લગ્ન પાછળની કઈ ભાવના સૌથી વધુ ઉપકારક છે ?**

**શ્રીમોટા :** હિંદુધર્મમાં રહેલી યુગ્મભાવનાનો શુદ્ધ અર્થ, એના હેતુ, એનું મહત્ત્વ, એના યથાર્થ દૃષ્ટિબિંદુથી આપણો હિંદુ સમાજ ભાગ્યે જ સમજી શક્યો હશે. **બે જુદા જુદા જણાતા જીવોના યુગ્મની ભાવના-અવિચ્છિન્ન જીવોનું જોડાણ અહેતુક થાય એ કદી પણ શક્ય નથી. એ બે જીવોનો સંબંધ અનેક જન્મજન્માંતરોમાં કોઈ ને કોઈ રીતે ચાલુ રહ્યા કરેલો જ હોય છે. તેથી, આવા સંબંધોમાં હૃદયની નિકટતા જેટલી શુદ્ધ ભાવનાથી કેળવાતી જાય તેટલા પ્રમાણમાં બંનેનો સંબંધ પણ વિશુદ્ધ થતો જવાનો.** આ જે કંઈ બધું નીપજતું દેખાયા કરે છે તે સંબંધને લીધે જ છે. સંબંધ વિના કાંઈ પણ થાય એ શક્ય નથી. **એટલે એક વખત લગ્નથી જોડાયેલા બે જીવોનો સંબંધ કદી પણ છૂટી શકતો હોતો નથી.** તે સંબંધ કોઈને કોઈ રૂપે એકબીજા સાથે રહ્યા જ કરે છે અને તે લગ્નસંબંધ પણ તે તે જીવ સાથેની તેટલા પ્રમાણની કોઈ ને કોઈ-આમ કે તેમ અથડામણનું જ પરિણામ હોય છે.

**સ્વજન :** મોટા, આપ તો આટલા ઉત્તરમાં ઘણી જ ગહન વાત સૂચવો છો. **'લગ્ન' પોતે જ જીવન માટેની એક આવશ્યક અને અનિવાર્ય ઘટના બને છે.** લગ્ન એ જો કોઈ અકળ અથડામણનું પરિણામ હોય તો એવું જીવન પણ અથડામણભર્યું જ બનેને ?

**શ્રીમોટા : આ સ્થળે જ વધારે સાવધાની રાખીને યુગ્મની ભાવનાને સમજવાની છે,** કેમ કે સૌથી મહત્ત્વનું જીવન છે. જગતમાં મુશ્કેલી વિના કશું પામી શકાતું હોય છે ? વ્યાપારમાં કહો, રાજ્યક્ષેત્રમાં કહો કે પછી જીવનના કોઈ પણ ક્ષેત્રમાં મુશ્કેલી વિના કશું પણ પમાયું હોય એવું જણાતું જ નથી. **તો પછી જીવનનું તત્ત્વ પામવાને માટે મુશ્કેલી વેઠવાનું માનવીને આકરું કેમ લાગતું હશે ?** જીવનો જીવસ્વભાવ તો નીચાણમાં જવાનું સમજ્યા કરવાનો છે. જીવસ્વભાવને જેટલી દોરીની ઢીલ આપ્યા કરીશું તેટલી દોરી એ ખેંચ્યે જ જવાનો. જીવનના જોશમાં જેમ પતંગ દોરી ખાધા કરે છે તેમ જીવસ્વભાવનું જાણવું જોઈએ. **તેમ છતાં માનવીને જીવદશા પ્રાપ્ત થઈ છે તેથી અનેક અથડામણોમાંથી પસાર થઈને આખરે તો જીવનને ઉચ્ચ જ બનાવવાનું ધ્યેય રહેલું છે. આવા જીવનઆદર્શની સિદ્ધિ માટે યુગ્મની ભાવના એ જરૂરી ભાવના છે.**

**સ્વજન :** મોટા, **જીવનની વાસ્તવિક અથડામણોનો પણ આપે તો ઉચ્ચ હેતુ દર્શાવ્યો.** જીવનની જે સ્વાભાવિક ગતિ છે એને આવા આદર્શમાં ફેરવવા જીવનની અથડામણોનેય તપશ્ચર્યારૂપે સ્વીકારવી પડે અને એ તપશ્ચર્યા, આપે દર્શાવી એ યુગ્મભાવનાને ટકાવી રાખવા કરવી પડે એમ જને ?

**શ્રીમોટા :** હા, **કેમ કે એ ભાવનામાં વ્યક્તિનો તથા સમાજનો બંનેનો વિકાસ થવાનું સર્જાયું છે.** ખરી વાત જ આ છે કે **લગ્નભાવના એકલા ભોગવિલાસ માટે નથી. એ તો તપશ્ચર્યા માટે જ છે. સમાજનું, દેશનું, પિતૃઓનું, ઋષિઓનું અને દેવનું ઋણ અદા કરવા માટે જ એ ભવ્ય-દિવ્ય સાધન છે. સમાજની ઉત્તમમાં ઉત્તમ સેવા માનવી યુગ્મ દ્વારા જ સાધી શકે છે.** હૃદયથી શુદ્ધ સાત્ત્વિક ભાવના કેળવીને આત્માના સ્વરૂપમાં એકબીજાને ઓળખીને જે યુગ્મ જગતને ચરણે એકાદ બુદ્ધ ભગવાન, **એકાદ ઈશુ ભગવાન, એકાદ શંકરાચાર્ય પ્રભુ, એકાદ રમણ મહર્ષિ, એકાદ પૂર્ણયોગી શ્રીઅરવિંદ, એકાદ સ્વામી રામદાસ કે**

**એકાદ ભવ્ય દિવ્ય આત્મા કે એકાદ મહાત્મા ગાંધીજી ભેટ ધરશે, તે જગતની ભારેમાં ભારે સેવા કરી શકવાનું છે. એવી પ્રજોત્પત્તિ માટે લગ્ન છે.**

**સ્વજન :** લગ્નનો આ ભવ્ય આદર્શ સમજી તો શકાય પણ...

**શ્રીમોટા :** તમારું કહેવાનું હું સમજી શકું છું, પણ આપણાથી જીવનમાં આવું ન બની શકે. માટે, આપણે જીવસ્વભાવમાં તણાયા કરવું એ તો આપણી પોતાની નબળાઈ છે. **એવી એ નબળાઈને નબળાઈ તરીકે જાણીને, એમાંથી આપણાથી શક્ય હોય એટલી મથામણ ઊંચે જવા માટે કરવી એ આપણો ધર્મ છે.** તમે જ હમણાં કહ્યું કે 'આ આદર્શ તો સમજાય છે.' માટે જ કહું છું કે ભગવાને આપણને સમજ અને શક્તિ આપ્યાં હોવા છતાં, વળી એ બંને આપણી પાસે છે એવું આપણને સમજાતું હોય છે. છતાં આપણે એમ કહીએ કે 'ના ભાઈ, આપણાથી આવું બધું થવું શક્ય નથી.' એ આપણને શોભતું નથી. **માનવીએ તો પ્રત્યેક પરિસ્થિતિમાં મથતાં જ રહ્યા કરવું જોઈએ. પછી ભલેને દરેક જીવ પોતાની શક્તિ અનુસાર મંથન કરે. આવા પ્રકારનું મંથન કરવાની વૃત્તિમાં સૌ કોઈને પ્રોત્સાહન, પ્રેરણા, બળ, હિંમત, સહાનુભૂતિ, સાથ અને હૂંફ આપ્યાં કરવાં એ સમજુ અને જ્ઞાનવાન માણસનો ધર્મ પણ છે.**

કોઈ પણ સમજુ માણસ કોઈ પણ વ્યક્તિને જીવ-સ્વભાવમાં દોરવીને લઈ જાય તો તો તે વિવેક ચૂકે છે એમ જ માનવું જોઈએ, કેમ કે એમ કરવામાં આપણે માત્ર તાત્કાલિક લાભની જ ગણતરી કરતા હોઈએ છીએ.

**સ્વજન :** તો મોટા, આવું આદર્શ લગ્નજીવન જીવવા માટે ચીલાચાલુ જીવનરીતિનો ભોગ આપવો પડે ?

**શ્રીમોટા :** હાસ્તો, લગ્નસંબંધથી આપણે સમાજના જીવન સાથે ભાગ લેતા હોઈએ છીએ. માનવીના સંબંધો અને ભાવના એ લગ્ન જીવનમાંથી કેળવાતી જતી સ્થિતિ ઉપરથી બંધાતા જતાં હોય છે.

**જુઓ ભાઈ ! આપણે આ જગતમાં જે તે કાંઈ મેળવીએ છીએ, એ જીવન આપીને જ મેળવીએ છીએ. ધન-દોલત, માન, મોભો, કીર્તિ, માલ-મિલકત, ગમે તે હોય પણ તે મેળવવા માટે જીવન આપવું પડતું જ હોય છે,** પણ આપણા જીવસ્વભાવને ગમતું હોવાથી આપણે કશો પણ ભોગ આપી રહ્યા છીએ એનું જાગૃત ભાન આપણને રહેતું નથી, પણ સાચું અને ઉન્નત જીવન મેળવવા માટે આપણને ભોગ આપવાની સભાનતા જાગે છે, કારણ કે તેમાં આપણે જીવસ્વભાવથી ઊલટી ગંગાએ વહેવાનું હોય છે, પરંતુ સાચો પુરુષાર્થ તો તેમાં જ રહેલો છે.

**સ્વજન :** પણ મોટા, નિર્બળતાનો પૂરેપૂરો સ્વીકાર કરીને એમ કહેવાય કે આવો પુરુષાર્થ ન થઈ શકે તો... ?

**શ્રીમોટા : જો આપણાથી જીવસ્વભાવથી ઊંચી દિશામાં ગતિ કરવાનો પુરુષાર્થ ન થઈ શકે તો જે કોઈ એવો પુરુષાર્થ કરતો હોય તો એને સહાનુભૂતિ દેવી, હૂંફ આપવી, પ્રેરણા આપવી, તે જીવ પ્રત્યે અત્યંત પ્રેમભાવના રાખ્યા કરવી. આટલું પણ જો રાખી શકાય તો સદ્ભાવના કેળવાતી જવાની.** આમ કરવાથી આપણને દિનપ્રતિદિન આપણી પોતાની નબળાઈનું ભાન વધારે ને વધારે થતું જવાનું અને એવા તીવ્રતમ ભાનમાંથી આપણામાં રહેલી શક્તિ એક દિવસ પ્રગટવાની છે, **પણ જે જીવ આટલું પણ કરી શકતો નથી અને પોતાના જીવસ્વભાવમાં જ રાચ્યા કરે છે અને જીવસ્વભાવની પ્રવૃત્તિમાં મશગૂલ રહ્યા કરે છે, એવો જીવ કદી પણ પોતાના મનથી નિરાંતવાળી શાંતિ અનુભવી શકવાનો નથી જ. એવાના કર્મે તો અશાંતિ લખાયેલી છે. એને અશાંતિ જ રહેવાની.** જગતમાંનાં બધાં જ સુખસાધનો પાસે હોવા છતાં એ સાધનો એને માટે સુખનાં સાધનો થઈ શકવાનાં નથી. **પરિણામે સુખ અને શાંતિ મેળવવા એવો માનવી જીવનમાં આમથી તેમ અથડાયા જ કરવાનો છે.**

**દાંપત્ય ભાવના, સાતમી આ. પૃ. ૯ થી ૧૪**

## ૩. નામ ગુપ્ત રાખનાર દાતા - રમેશ મ. ભટ્ટ

કૉલેજના અધ્યાપક તરીકેના પહેલા વર્ષમાં અધ્યાપન, અધ્યયન અને ગુજરાતી સાહિત્ય પરિષદના વહીવટની જવાબદારી બજાવવામાં આખો દિવસ પસાર થઈ જતો. એ વર્ષના કૉલેજના પ્રથમ વર્ષે - એ વખતે પ્રીવિયસમાં - વિદ્યાર્થિનીએ મને ખૂબ સ્નેહાદર અને સંકોચથી 'દૂર-સુદૂરનાં ગીતો' નામનું પુસ્તક ભેટ આપીને કહ્યું : 'આ ગીતો મારા પિતાએ રચ્યાં છે.'

શ્રી પ્રતાપભાઈ અમારા ગુરુ છે. પૂજ્ય શ્રીમોટા અમારાં લગ્ન કરાવવાના છે. ઉપાધ્યાયની એ દીકરીનું નામ જયશ્રી હતું. જયશ્રીએ પછી કહ્યું : 'મારા લગ્ન કરાવવાનાં છે.' આ રીતે 'મોટા'નું નામરૂપ ત્રીજી વખત મારા કાનમાં પ્રવેશ્યું. પરંતુ એ નામ પ્રત્યેક કૌતુક કે આકર્ષણ થયું જ નહોતું.

પરંતુ એ જ અરસામાં ગુજરાતી સાહિત્ય પરિષદને પચીસ હજાર રૂપિયાના દાનની દરખાસ્ત કરતો એક મુસદ્દો લઈને શ્રી ઈન્દ્રવદન શેરદલાલ આવ્યા. જયશ્રીનાં લગ્ન એમની સાથે મોટાએ કરાવેલાં એની જાણ મને પછીથી થયેલી. પચીસ હજાર રૂપિયાના દાનની દરખાસ્તનો પત્ર મારી પાસે આવ્યો અને એ પત્રની પહેલી જ પંક્તિ વાંચતાં, એ વખતે મેં જે અનુભવેલું એનું સ્મરણ હજીય તાજું છે.

પોતાનું નામ ગુપ્ત રાખવા ઈચ્છતા એક દાતા શ્રી અરવિંદ પ્રત્યેની પોતાની ભક્તિને વ્યક્ત કરવા મૌલિક ભક્તિપ્રધાન સાહિત્યની રચના કરનાર સાહિત્યકારને મૂળ રકમના વ્યાજમાંથી **'શ્રીઅરવિંદ સુવર્ણચંદ્રક'** અર્પણ કરવા પચીસ હજાર રૂપિયાનું દાન આપવાની દરખાસ્ત કરે છે.

કોઈપણ પ્રકારની સાહિત્યિક છટા વિનાના તેમજ ચોખ્ખા વ્યવહારને વ્યક્ત કરતા દરખાસ્તના શબ્દોએ મને કેવી અસર કરી એ આશ્ચર્યજનક છે. શ્રીઅરવિંદ-શ્રીમાતાજી એ મારા માટે જીવનપ્રેરક બનેલાં હતાં. શ્રીઅરવિંદના ભક્ત તરફથી પચીસ હજાર રૂપિયા જેટલી માતબર રકમનું દાન અપાય છે એ મારા દિલમાં ભાવ જગાડનારું હતું. આ દરખાસ્તની વિશિષ્ટતા એ હતી કે આટલી મોટી રકમના દાતા નામ ગુપ્ત રાખવા માગતા હતા. એ વખતે મારા માટે આ એક મોટી આશ્ચર્યજનક હકીકત હતી. નાની સરખી રકમનું દાન કરનાર વ્યક્તિ પણ પોતાના નામની પ્રસિદ્ધિ થાય એવો તીવ્ર આગ્રહ રાખે છે એ મેં બધે જ જોયેલું-અનુભવેલું છે. દાન આપીને જ 'નામ' કમાવાય એવા વેપારી-સંસ્કાર મારા ચિત્ત પર હતા જ. શાળા-કૉલેજોમાં અપાતા દાનની નાની-મોટી રકમો સામે પણ દાતાના નામ ચીતરાવાતા હતા. જ્યારે શ્રીઅરવિંદ પ્રત્યેની પોતાની ભક્તિ વ્યક્ત કરનાર આ વ્યક્તિ શ્રી અરવિંદનું નામ સુવર્ણચંદ્રક સાથે જોડે છે એટલું જ નહિ, પણ પોતાના તરફથી અપાયેલી આટલી મોટી રકમના દાતા તરીકે પોતાનું નામ ગુપ્ત રાખવા ઈચ્છે છે એ બાબત કોઈનેય માટે દિલમાં આદરભાવ-અહોભાવ જન્માવનારી છે. એ દરખાસ્તનો પત્ર ઈન્દ્રવદનભાઈ હરિઃૐ આશ્રમ, નડિયાદથી લાવ્યા હતા અને પત્રવ્યવહારનું સરનામું હરિઃૐ આશ્રમ, નડિયાદનું હતું.

મેં શ્રી અરવિંદ પ્રત્યેના ભાવથી પ્રેરાઈને તથા શ્રીઅરવિંદ પ્રત્યે ભક્તિભાવ ધરાવનાર આ દાતાના આદર-સન્માનના ભાવને લીધે હરિઃૐ આશ્રમમાં એક પત્ર લખ્યો અને આવી મોટી રકમના દાનથી આશ્ચર્ય અનુભવાયાની વાત લખી અને વિનંતી કરી કે, 'આ દાતા પોતાનું નામ ગુપ્ત રાખવા ઈચ્છે છે એથી એમના પ્રત્યેનું માન અનેકગણું વધી જાય છે. એમનું નામ જાહેર નહિ કરાય. પરંતુ મને અંગત રીતે એમનું નામ જાણવાની વૃત્તિ રહ્યા કરે છે તો એમનું નામ જણાવવા વિનંતી છે.' આ પત્રનો જવાબ તરત જ આવ્યો : 'એમને પોતાનું નામ ગુપ્ત જ રાખવું છે. એ કોઈનેય પોતાનું નામ જણાવવા ઈચ્છતા નથી - એમ દાતાએ લખાવ્યું છે - તો આપ માફ કરશો'. આ જવાબ મને રુચ્યો નહિ - પસંદ ન પડ્યો.

મેં સામો બીજો પત્ર લખ્યો કે, 'અંગત રીતે નામ જાણવાની ઈચ્છા હોવાથી લખેલું. નામ ગુપ્ત રાખવાની આવી દાતાની માન્યતા પાછળ મને જડતા લાગે છે.' - મને એમ હતું કે આવી ટકોરથી મને દાતાનું નામ જાણવા મળશે.

આના જવાબરૂપે સીધું જ મારા નામ પર એક કવર આવ્યું. 'હરિઃૐ આશ્રમ, નડિયાદ'થી આ કવર આવેલું. કવર પર સિક્કો હતો. મેં કવર ખોલ્યું તો એમાં સંબોધન કે લખનારની સહી વિનાની ભૂરા કાગળની એક ચિઠ્ઠી હતી. અગાઉ આવેલા પત્રના જવાબવાળા કાગળમાં જે અક્ષરો હતા એના કરતાં જુદા હસ્તાક્ષરો હતા. થોડાક મોટા અક્ષર હતા, પણ લખાણ અત્યંત વિચિત્ર હતું, આશ્ચર્યપ્રેરક હતું, કૌતુક પ્રેરક હતું. એ ચિઠ્ઠીમાં લખ્યું હતું કે,

**'દાતા જડ છે, મૂર્ખ છે અને ગધેડો છે.'**

માત્ર એક જ લીટીની ચિઠ્ઠીમાંના આ શબ્દોએ મને હચમચાવી દીધો. આવા વિચિત્ર લખાણ સામે થોડીક ચીડ પણ ચડી. છતાં એ ચિઠ્ઠી મેં ફાઈલ પર રાખી લીધી. રોજ હું એ ચિઠ્ઠી જોતો હતો.

મેં વરસો પછી, જ્યારે મોટાના હસ્તાક્ષર જોયા ત્યારે મેં જાણ્યું કે, આ ચિઠ્ઠી મોટાએ જાતે લખી હતી. આજે વિચારું છું તો **'મોટા'** એ શબ્દરૂપે મારા કાનમાં પ્રવેશ્યા હતા. પણ મેં કશું આકર્ષણ અનુભવ્યું નહોતું. એ પછી જે અક્ષરરૂપ મારી નજરે ચડ્યું એથી કૌતુક થયું. પણ મારી માન્યતા ફળી નહિ એથી એ કૌતુક શમી ગયું. એ શબ્દો **'મોટા'**ના નામ વિનાના હતા - મને પહોંચેલું એ અક્ષરરૂપ - મારા નામના સંબોધન વિનાનું હતું. એ મારા નામરૂપને સંબોધન નહોતું અને લખનારની સહી-નામ-સંજ્ઞા વિનાનું હતું.

એના શબ્દોમાં દાતાએ પોતાની ઓળખ આપી હતી. એ ખરું ઓળખપત્ર હતું. પણ એ વખતે મારાથી એ ઉકલ્યું નહોતું. આજે એ તાત્પર્ય ઉકેલું છું ત્યારે મોટા પ્રત્યે મારું હૃદય અકળ ભાવ અનુભવે છે.

નામ ગુપ્ત રાખવા ઈચ્છનાર અનામી છે. એ કોઈ નામની સંજ્ઞામાં કે રૂપના કોઈ આકારમાં વ્યક્ત થયેલા નથી. આટલા શબ્દો લખ્યા પછી પણ લખનાર તરીકે પોતાનું નામ નથી લખ્યું - એય એમની ગુપ્તતાની ખૂબી છે. **'મોટા'** એક એવા અનુભવનું નામરૂપ છે કે નામી હોવા છતાં અનામી છે અને જેનું રૂપ હોવા છતાં અરૂપી છે. આમ, ફોટા કે આકારમાં પ્રગટ લાગે છે. છતાં **એ ગુપ્ત અને ગૂઢ છે. એ સ્વયં અનુભવથી ચેતનરૂપ છે – પ્રભુરૂપ છે. એથી એ ગુપ્ત છે. ગૂઢ છે.** એમણે જ 'જીવનઅનુભવગીત'માંની એક ગઝલમાં લખ્યું છે કે,

**'પ્રભુ જે ગૂઢ - છૂપો છે, બધાનામાં વસેલો છે,**
**છુપાયેલા પ્રભુને તે પ્રગટ કરવાં હૃદય જીવીએ.'**

જીવમાત્રના હૃદયમાં છુપાયેલા પ્રભુને પ્રગટ કરવા હૃદયમાં **'પોતાના'** હૃદયથી **'મોટા'** જીવતા છે. આપણામાં જાગૃતિ પ્રેરીને એમના **'જાગતાપણા'**ની ઝાંખી એ કરાવી આપે છે. આથી જ એમણે પેલી નાનકડી ચિઠ્ઠીમાં પોતાનું નામ ન લખ્યું.

મોટાનું આ અક્ષરરૂપ મેં પહેલવહેલું જોયેલું પણ એનું દર્શન વર્ષો પછી થયું છે. આજે મોટાના એ ઓળખપત્રનો મર્મ સમજાય છે. એમણે નહોતું લખ્યું કે, 'હું જડ છું.' - **પોતાની ઓળખાણ 'દાતા' તરીકે આપી છે. પોતે શેના દાતા છે ? અનંત જ્ઞાન, અનંત સામર્થ્ય, અખૂટ સમૃદ્ધિ, અવિરત વહેતો પ્રેમ - વગેરેના એ દાતા છે. આ દાતાનું પહેલું લક્ષણ 'જડતા' છે.** મોટાનો આ લાક્ષણિક આધ્યાત્મિક શબ્દ છે. પોતાનામાં પ્રગટેલ પ્રભુરૂપ અન્ય જીવમાં છુપાયેલા પ્રભુ પ્રગટાવવા સમર્થ હોવા છતાં એ પ્રક્રિયા માટે નિમિત્તની, ઝંખનાની, પ્રેમની, પુરુષાર્થની જરૂર છે. **દાતા હોવા છતાં એકપક્ષી એ રહી શકતા નથી. એને તો બધું જ આપવું છે પણ એના દાનને ઝીલનારું પાત્ર કોઈ નથી. આ અર્થમાં એ 'જડ' છે.** આથી તો તેઓ વારંવાર કહેતા કે, **'તમે હલાવશો તો અમે હાલીશું.' તમે 'મોટા'ને હૃદયમાં પ્રેમભાવથી 'જીવતો' કરશો તો તમને અનુભવ થયા વિના નહિ રહે. બીજા શબ્દોમાં 'મૂર્ખ' છે. 'જીવ' પોતાની માન્યતાઓ, સમજણો, ખ્યાલો પ્રમાણે જ 'મોટા' બધું કર્યા કરે એવી 'જીવ'ની સમજણની અપેક્ષાએ 'મૂર્ખ' છે.** વળી, આપણાં અંતઃકરણો અવળાં હોવા છતાં એમનો પરમ પ્રેમભાવ

વહ્યા કરે છે છતાં **'જીવ'** ફરિયાદ કર્યા કરે છે ત્યારે એવા **'જીવ'** સાથેના નૈમિત્તિક સંબંધમાં પોતે પોતાને **'મૂર્ખ'** તરીકે ઓળખાવી અટકે છે.

**'ગધેડો' એ તો અત્યંત માર્મિક છતાં હૃદય દ્રવે એવું પ્રતીક છે. પરમાત્માનુભવી મોટાને સ્થૂળ - સૂક્ષ્મ - કારણ - એવાં અનેક નિમિત્તો છે. એમાં જે માનવજીવો છે એમની સાથેના એમના નૈમિત્તિક સંબંધથી, એમના કલ્યાણની બધી જ જવાબદારી પૂરી નિષ્ઠાથી એ વહન કરે છે છતાં માનવજીવ પોતાના વિષય-વિકારોથી, નકારાત્મક વલણોથી, વિરોધીવૃત્તિથી તદ્દન બેજવાબદારીભર્યા વર્તનથી પોતાનું શ્રેય કરવા સક્રિય એવા આ 'મોટા'ને ડફણા મારતા હોય છે ! આવા અનુભવના મર્મને વ્યક્ત કરવા તેઓશ્રી 'ગધેડો' પ્રતીક શબ્દ વાપર્યો છે.**

ગુજરાતી સાહિત્ય પરિષદને આવા દાતા તરફથી મળતી દરખાસ્તનો સ્વીકાર કરતાં પહેલાં એમણે દાનની જે શરતો લખી મોકલાવી હતી એ અંગે ચર્ચા કરવા સાહિત્ય પરિષદની કાર્યવાહક સમિતિના સભ્યોમાંથી શ્રી ઉમાશંકર જોશી, શ્રી ઝીણાભાઈ દેસાઈ, શ્રી યશવંતભાઈ શુકલ નડિયાદના હરિઃૐ આશ્રમમાં ગયા હતા. ત્યાં જઈને આવ્યા પછી શ્રી ઉમાશંકર જોશીએ મને કહેલું કે, **'મોટા એક મળવા જેવી વ્યક્તિ છે.'** ઉમાશંકરનો આ સંકેત - એમનું આ સૂચન પણ મેં ગણકાર્યું નહિ.

ફરીથી ક્યારેક જ્યારે પાંચેક જેટલા સાહિત્યકારો નડિયાદના હરિઃૐ આશ્રમે મોટાને મળવા ગયા ત્યારે એકાન્ત સ્થળે આવેલ રમણીય અને શાંત આશ્રમની પ્રવૃત્તિ વિષે મોટાને કો'કે પૂછેલું. એ વખતે મોટાએ છપાવી રાખેલી 'મોટા મહારાજના આશ્રમની પ્રવૃત્તિઓ' દર્શાવતી આઠ આનાની કિંમતની પુસ્તિકા દરેકને આપેલી અને પછીથી દાનયોજનાની શરતો અંગે ચર્ચા કરેલી. ચર્ચા પૂરી થતાં આશ્રમમાંથી વિદાય લેતાં સાહિત્યકારો ઊભા થયા. મોટાએ આપેલી આશ્રમની માહિતીવાળી પુસ્તિકા સાથે લીધી.

એટલે મોટાએ કહ્યું : 'સાહેબ, આ ચોપડીની કિંમત આઠ આના રાખી છે એ આપતા જાઓ. માફ કરજો હોં. અમે કોઈને કશું જ મફત આપતા નથી. એની આવકથી આશ્રમના નિભાવમાં રાહત રહે છે.

કિંમત માગી એટલે સાહેબ, ચોપડી પાછી મૂકી ન દેતા. આપે આશ્રમની માહિતી પૂછેલી એટલે અમે આપી છે. આમ સૌ સાહિત્ય પરિષદનું કામ લઈને આવેલા હતા એથી આપણે એ વાતને પહેલું મહત્ત્વ આપ્યું. તો આ ચોપડી લેતા જાઓ અને કિંમત આપતા જાઓ.'

મોટાની આ વાત સાંભળીને બધા જ સાહિત્યકારો ખૂબ હસેલા. કિંમત ચૂકવી સાહિત્યકારો ચોપડી ખરીદી લાવ્યા !

આ પ્રસંગ કહેનાર મુરબ્બી સાહિત્યકારને મોટાનો આ વ્યવહાર વિચિત્ર લાગેલો છતાં એ લાક્ષણિક હતો એમ કહેલું.

બીજી એક વિચિત્રતા પ્રત્યે પણ બધાનું ધ્યાન ખેંચાયેલું એની વાત પણ મને કરેલી. આશ્રમના વડની એક વડવાઈ પર પાટિયું લટકતું હતું. એના પર લખેલું કે,

**'આવે તેને એક સલામ.**
**જાય તેને સો સલામ.**
**અને ન આવે એને હજાર સલામ.'**

'ભલે પધાર્યા' અને 'મુલાકાત બદલ આભાર' જેવા ઔપચારિક શબ્દોને બદલે આવા શબ્દોથી સૌને અચરજ થયેલું. મેં પણ આ સાંભળ્યું ત્યારે વિચિત્ર લાગેલું.

એ પછીના એક મહિના દરમ્યાન ભગિની નિવેદિતા પારિતોષિક તથા શ્રી નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળાના પ્રકાશન માટે બીજાં બે દાનો હરિઃૐ આશ્રમ તરફથી મળ્યાં. ઉપરના બંને ચંદ્રકો આપવા અંગેની કાર્યવાહી તો બે વર્ષને અંતે કરવાની હતી અને એ માટે તો કમિટી પણ નિમાઈ ગઈ હતી. હરિઃૐ આશ્રમના પ્રતિનિધિ તરીકે જાણીતા વિવેચક શ્રી અનંતરાય રાવળનું નામ હતું. રાવળ સાહેબ સાથે મારે સારો પરિચય હતો, પરંતુ એમણે ક્યારેય હરિઃૐ આશ્રમ કે મોટા વિષે કહેલું નહિ.

***(...મળાયું, પણ ભળાયું નહિ - પ્રથમ આવૃત્તિ પૃ. ૧૪ થી ૨૩)***

# ૪. સખા-સદ્‌ગુરુ

- રમેશ ભટ્ટ

મોટાએ ૧૯૬૨માં શ્રી ચંદુભાઈ ભાવસારના ઘરે પલંગમાં સૂતાં સૂતાં પોતાનો હાથ લંબાવીને, એ હાથમાં મારો હાથ પકડી, જોશથી દાબીને કહેલું કે, 'સાહેબ, તમે મારું કામ કરતા નથી !'

મોટા કયું કામ કરાવવા ઝંખતા હતા ? એ બાબત તેઓશ્રીનાં આધ્યાત્મિક પુસ્તકો ૧૯૬૭માં વાંચ્યાં ત્યારે આછું આછું સમજાયેલું. મોટાએ એ ગ્રંથોમાં વારંવાર કહેલું કે, **'પોતાને મળેલાંઓને પ્રભુના પંથે વાળવાનું એકમાત્ર કાર્ય એ મારા આ પછીના જીવનનું ધ્યેય છે. એટલું જ નહિ પણ આ શરીર નહિ હોય ત્યાર પછી સ્વજનના હૃદયમાં વસીને છુપાયેલા પ્રભુને પ્રગટ કરવાનો હેતુ ચાલુ જ રહેશે.'**

તેઓશ્રીએ 'શ્રદ્ધા' ગ્રંથના 'લેખકના બે બોલ'માં લખ્યું છે કે, **'શ્રીપ્રભુકૃપાથી મળેલા - થયેલા - નિમિત્ત સંબંધોના જીવોમાં શ્રીપ્રભુ પરત્વેની અભિમુખતા કંઈ પ્રગટાવી શકાય તો જીવ્યું સાર્થક - એવી જ્ઞાનભક્તિપૂર્વકની ભાવના આ જીવની છે. પરંતુ તેમાં સામે પક્ષેથી એટલા જ જીવંત સહકારની અપેક્ષા રહેલી હોય છે, જે મુશ્કેલીની હકીકત અનુભવે જણાયેલી છે. તો પણ આ જીવ તેમના પરત્વે તેમનું તેમનું સ્મરણ થતાં, તેવા સ્મરણના નિમિત્તે ત્યારે ત્યારે સહૃદયતાભરી પ્રાર્થના કર્યા કરવાનું કદી ચૂકતો નથી. એવી પ્રાર્થના પણ સંસ્કાર છે.**

જે વિચાર જીવંત એકાગ્રપણે કેન્દ્રિતતાથી જેના પરત્વેનો પ્રગટેલો હોય, તેવા પ્રકારના મોજાં તેવા જીવ પરત્વે વહેતાં જતાં હોય છે. ને તે સૂક્ષ્મમાં પકડાઈ જતાં હોય છે. આ પણ આધ્યાત્મિક જીવનના વિજ્ઞાનની એક ન સમજાઈ શકાય તેવી સૂક્ષ્મ હકીકત છે.

**'એ વાતો છે ઝીણિયું'**

આ બધી હકીકતો પણ શ્રદ્ધાના પ્રયોગાત્મક થયેલા અનુભવમાંથી પ્રગટેલી છે.'

મોટાને મળાયું એ પછીના વરસોમાં મારો એમના પ્રત્યે સખાભાવ રહ્યા કરેલો. તેઓશ્રીનું **'પદ'** તો શ્રીસદ્‌ગુરુનું-પરંતુ એ પદનો અનુરાગ મારામાં પ્રગટ્યો ન હતો. **'મિત્રભાવ'** ધારવાનું તેઓશ્રીએ સૂચવેલું એથી એવો ભાવ ધારણ કરવાનું સરળ લાગેલું. તેઓશ્રીમાં 'પ્રભુરૂપ'ની ધારણા થતી હતી, છતાં વ્યવહારમાં નિખાલસતાપૂર્વકનો મિત્રભાવ વધુ રહેતો હતો.

બધાં જ કહે કે આત્મા જ એક માત્ર છે. **''આત્મા સો પરમાત્મા''** એ જ સાચું છે. બીજું ખોટું છે. પરંતુ કોઈની પાસેથી અનુભવજન્ય પ્રમાણ અનુભવાતું ન હતું.

ભગવાનના નામનો જપ કરું. પ્રાર્થના કર્યા કરું - ક્યારેક ધ્યાન પણ કરું.

શ્રીઅરવિંદ અને શ્રીમાતાજીનાં લખાણો વાંચવાથી એટલો સમય સારું લાગે, પરંતુ એને આચરવાની મુશ્કેલી - મુંઝવણ પાર વિનાની હતી. એ માર્ગના એક કહેવાતા 'યોગી'એ મને ચાર-પાંચ વર્ષ લગી ભ્રાંતિમાં રાખ્યો. આશીર્વાદથી બધું કામ પતી જશે; શાંતિ મળશે, સફળતા મળશે. સુખી થવાશે એમ ઠસાવીને મને ગૂંચવ્યા કર્યો.

મોટા સાથે સંબંધ થયા પછી મેં એમની સાથેની મિત્રતા છોડી દીધી - કેમકે મને એમણે એમ ઠસાવવાનો પ્રયત્ન કરેલો કે 'મોટા તમને જ્યાં સુધી લઈ જશે એથીય આગળ હું તમને લઈ જઈશ.' એમના બોલવામાં તથા વ્યવહારમાં ઘણું અંતર છે એમ વારંવાર અનુભવમાં આવતાં મેં એમની સાથેનો વ્યવહાર બંધ કરેલો.

આ રીતે અવળી દિશામાંથી - ભ્રાન્ત દિશામાંથી પાછો વાળનારી કઈ શક્તિ હતી એ આજે સમજાય છે. પણ એ વખતે તો માત્ર મોટાનો સાથ છોડાવવાના પ્રયત્નોમાંથી હું બચી ગયો એનો આનંદ હતો.

૧૯૬૬ના ડિસેમ્બરના છેલ્લા ત્રણ દિવસ મોટાના આંતરરૂપના અનુભવ માટે મહત્ત્વના હતા. મારા જીવનમાં એક નવી અને યોગ્ય દિશા દર્શાવનારા એ દિવસો હતા. એ દિવસો સૂરતના મૌનએકાન્તમાં પહેલી જ વાર પસાર કરેલા. એ પૂર્વે તા. ૨૮મી ડિસે. ગુજરાત સાહિત્ય પરિષદના સંમેલન વેળા **મોટાની હાજરીમાં મને તેઓશ્રીની ચેતનાના પ્રત્યક્ષ**

**દર્શન થયાં હતાં. હું સમારંભના મંચ પર મોટાની પાછળની ખુરશીમાં બેઠેલો એકાએક મારી નજર સામેની સભાને સ્થાને અત્યંત ચમકતી ચાંદી જેવો સફેદ તેજ પ્રવાહ જણાયો. આવું જોતાં પ્રથમ તો મને થયું કે મારી આંખોને કંઈક થયું છે. પણ બીજી ક્ષણે માત્ર મોટા જ દેખાતા હતા. માત્ર બે ત્રણ ક્ષણ માટે આ અનુભવ હતો.**

એ ચેતનાનું પ્રત્યક્ષરૂપ હતું એ તો આજે સમજાય છે. એ વખતે તો માત્ર દૃશ્ય જ હતું. પણ બે ક્ષણની એ ઘટનાએ-અનુભવે-કશીક અલૌકિક સંભવના પ્રત્યેની શ્રદ્ધાનાં બીજ વાવ્યાં.

મારા મૌનમાં પ્રથમ દિવસે એક ભયજનક અનુભવ થયો હતો. મૌન ઓરડાનું બારણું બંધ થયું કે તરત જ મને પેશાબ કરવા જવાનું થયું. એ માટે સંડાસમાં ગયો ત્યાં પેશાબ અટકે જ નહિ એવી સ્થિતિ થઈ ! હું ગભરાઈ ગયો. મારું પેઢું જાણે ઊંડું ઊતરી ગયેલું હતું. પેશાબ અટકશે નહિ તો મરી જવાશે એવા વિચારથી વધુ ઢીલો પડી ગયો અને આમાંથી છુટાય તો આ રૂમમાંથી બહાર નીકળવાનો નિશ્ચય કર્યો.

પેશાબ બંધ થતાં જ શરીર અને મન એકદમ હળવાં થયાં હોય એવો લાક્ષણિક અનુભવ થયો અને ઘંટડી મારવાનો નિશ્ચય મોકૂફ રાખી - થોડાક કલાક રોકાઈ જવા વિચાર્યું.

પછી પાટલા ઉપર બેસીને મોટાના ફોટાની બાજુમાં મારી પાસે ગજવામાં રાખેલા શ્રીઅરવિંદ-શ્રીમાતાજીના ફોટા મૂકી, આંખો બંધ કરી બેઠો. થોડીક વાર પછી આંખો ખોલતાં મોટાના ફોટાને બદલે ભગવાન રમણ મહર્ષિનો ફોટો મેં જોયો. મારા આશ્ચર્યનો પાર ન રહ્યો ! અહીં મહર્ષિનો ફોટો કોણ મૂકી ગયું ?

હું મહર્ષિના ફોટા સામું તાકીને જોઈ રહ્યો. મારી આ ભ્રમણા તો નથી ને ! એની પાકી ખાતરી થવા દીધી. ત્યાં જ મહર્ષિની દાઢી વધતી હોય એમ જણાયું અને એ દાઢી એમની છાતીના મધ્યભાગ સુધી વધેલી જણાઈ.

હું પાટલા પરથી ઊભો થયો અને હિંચકા પર બેઠો. ત્યાંથી ફોટા સામે જોયું. ત્યાં મોટાનો જ ફોટો હતો ! ત્યાંથી ઊઠીને ફોટા પાસે ગયો. તો ફોટો મોટાનો જ હતો એની ખાતરી થઈ.

આ ઘટનાઓએ મારા મનને તરંગોમાં ડુબાડ્યું. એમ થયું કે અહીં આ ઓરડામાં શું થાય છે ? ફોટો બદલાયાની બીક નહોતી લાગી. છતાં પણ અચરજ પમાડે એવી ઘટનાઓથી મુંઝવણ તો થતી હતી.

એ પછી ભોજન આવતાં સુધી ઓરડામાં આંટા મારતો હતો. **નૂતના** ગાયત્રીનો મંત્ર બોલતો હતો. 'આશ્રમ ભજનાવલિ'માંથી મારા પ્રિય ભજનો ગાતો હતો. 'પ્રેમલ જ્યોતિ તારો દાખવી.' ગાતો હતો.

સવારના છ થી દસ સુધીનો સમય પસાર થતાં તો જાણે દિવસ આખો પૂરો થયો એવું અનુભવાયું. આટલા કલાકોની ગતિ આટલી ધીમી અનુભવાઈ તો પછી ત્રણ દિવસ કેવી રીતે પસાર થશે ? એવા વિચારો આવતા હતા. વળી એમ પણ થતું હતું કે આમાં ક્યાં ભરાયો ? મને અહીં આવવાનું કેમ સૂઝ્યુ ? બહાર રહીને ભગવાનનું નામ ના લેવાત ? બીજી બાજું એમ પણ થાય કે ત્રણ દિવસ માટે જ આવ્યો છું તો ગમે તેમ પસાર કરી દેવાશે. પહેલા જ દિવસે નીકળીએ તો આપણી આબરુ શી ? અમસ્તી લોકો હાંસી કરશે. જેને ખબર નથી એ તો કશું જ વિચારવાના નથી. પણ આશ્રમના લોકો શું વિચારશે ? મોટાએ તો મારા માટે એમ કહેલું કે, 'પ્રોફેસર આવવાના છે ! વિદ્વાન છે !' વગેરે.

આવા મંથનમાં સમય પસાર થયો. ભોજન આવ્યું એટલે મોટાનો ફોટો તથા શ્રી અરવિંદ - શ્રીમાતાજીનો ફોટો દેખાય અને એ રીતે મારી બેઠક ગોઠવી. પ્રાર્થના કરીને જમવાનું શરૂ કર્યું. જમતાં જમતાં નજર ફોટા તરફ ગઈ તો બીજું આશ્ચર્ય ! મોટાના ફોટાને સ્થાને અંબાજી માતાનો ફોટો હતો. સિંહવાહિની અંબામાતાનો પ્રચલિત ફોટો હતો. મને થયું કે અહીં તો આવી ભ્રમણાઓ થાય છે ! હું થોડુંક જમું ને વારંવાર ફોટા સામે જોઉં તો એક વખત મોટાનો ફોટો દેખાય અને બીજી વખત અંબાજી માતાનો ફોટો દેખાય.

એટલે વળી પાછું નક્કી કર્યું કે ભોજન પતાવીને ઓરડામાંથી નીકળી જવું. ચીઠ્ઠી પણ લખી દીધી.

થાળીની સાથે મૂકવા જાઉં છું ત્યાં જ વિચાર બદલાયો. બપોરની ચા સુધી રોકાઈ જઈએ. એમ વિચારીને ચીઠ્ઠી ફાડી નાંખી.

પહેલા દિવસની આવી અનુભૂતિઓનું તાત્પર્ય મને વરસો પછી સમજાયેલું કે ઓરડામાં પ્રવેશતાં જે રીતે મૂત્રપ્રવાહ વહેલો એ હવે પછી થનારી અનુભૂતિઓને ટકાવવા માટેની ભૂમિકા તૈયાર થાય એ માટે શુદ્ધિની પ્રક્રિયા હતી. ભગવાન રમણ મહર્ષિનો જ્ઞાનમાર્ગ - 'હું કોણ છું ?' એ પ્રશ્નનો ઉત્તર શોધવાની એમની વાત મને ગમી હતી. એ સંસ્કારબીજ મોટાના ફોટામાં પ્રત્યક્ષ થયેલું અને અંબાજી માતાજી - અંબેમા એ શુદ્ધ ચેતનાનો મૂર્તભાવ છે. હું મેટ્રિકમાં પાસ થયો પછી પાંચ વર્ષ લગી અનેકવાર અંબાજીના દર્શને ગયેલો અને 'જયઅંબે'ના જપ કરતી વખતે મારા શરીરમાં આહ્લાદક કંપ અનુભવાતો હતો.

આ બધું જ 'મોટા'માં સમાયેલું છે એવી શ્રદ્ધાની પ્રતીતિ માટે આવા અનુભવો હતા એ મને પછીથી સમજાયું હતું. બીજે દિવસે 'જીવનદર્શન' પુસ્તક વાંચી મોટા પ્રત્યે ભાવ જાગ્યો એથી એમના વિષે કરેલા વિચારોને લીધે પશ્ચાતાપથી ખૂબ રડ્યો અને ક્ષમા માગી. એ રીતે હૃદયશુદ્ધિ થયા બાદ રાત્રે મારા બન્ને કાનમાં સામસામે આરપાર પવનના સૂસવાટા સંભળાયા અને મારા કાબૂ બહાર - મારો વિરોધ છતાં - 'હરિઃૐ'નું ગુંજન અને એ પછી ઉચ્ચાર રૂપે 'હરિઃૐ' બોલાવા લાગ્યું.

મને પછી સમજાયું કે પશ્ચાતાપથી હૃદય ધોવાયું ન હોત તો આવું મંત્રદાન ટક્યું જ ન હોત. પરંતુ આ બધું જ મોટામાં પ્રગટેલ ચેતનાસત્તાના પ્રતાપે હતું એવું એ વખતે મારી બુદ્ધિ સ્વીકારતી નહોતી.

આજે સમજાય છે **શ્રદ્ધા બુદ્ધિની સમજણને આધારે નથી. પરંતુ અનુભવના આધારે શ્રદ્ધાનું સ્વરૂપ સ્પષ્ટ થાય છે અને વિકસે છે.**

મુત્રરેચથી થયેલી દેહશુદ્ધિ અને પશ્ચાતાપના આંસુથી થયેલી હૃદયશુદ્ધિએ - **સૌ પ્રથમ આકાશમાંથી વહી આવતા શુદ્ધ વાયુના બળથી મારી શ્રુતિને શુદ્ધ કરી. વાયુનો સૂસવાટો એ નિઃશબ્દ હતો અને કાનમાં અને માથામાં ફરતા વાયુનો 'સૂં સૂં સૂં' 'સૂં સૂં સૂં' ધ્વનિ 'હરિઃૐ'નો અશબ્દ લય હતો અને પછી વૈખરીમાં પ્રગટેલો એ વ્યક્ત શબ્દ છે એમ સમજાયું. આ બધું શ્રીસદ્‌ગુરુશક્તિના જ પ્રતાપે શક્ય છે એમ દૃઢ થયું છે.**

એ પછી ૧૯૬૮ સુધીનો ગાળો ખૂબ મથામણ અને મુંઝવણમાં પસાર થયો. ધ્યાન થઈ શકે નહિ, કયા મંત્રનો જપ કરવો એ સૂઝે નહિ. આત્મા શું છે ? ક્યાં છે ? એનો અનુભવ કેવી રીતે પમાય ? કયો માર્ગ પસંદ કરાય ? માત્ર શ્રીઅરવિંદ - શ્રીમાતાજી, રામકૃષ્ણ પરમહંસ, રમણ મહર્ષિ - વગેરે અનુભવીઓનાં લખાણોમાં રસ પડે. એ વાંચવાનું રાખવાથી સારું લાગે. પણ એ લખાણોમાં દર્શાવ્યા પ્રમાણે આચરણ થાય નહિ.

ભગવાનનો માર્ગ એટલે કેવો માર્ગ ? આપણે એને પામવા માટે અંતર્મુખ થવું એટલે શું કરવું ? એ પ્રશ્નો અસ્પષ્ટતા વધારતા હતા. એથી મુંઝવણ રહ્યા કરતી હતી.

આ માટે ગુરુની આવશ્યકતા હતી. ગુરુ તરીકે કોઈને પણ ન સ્વીકારવા એવો મારો મિથ્યા અહંકાર હતો. ઊંડે ઊંડે એવી કીર્તિલાલસા હતી કે કોઈ આશ્રમનાં નિવાસી બની આપણે પણ 'પૂજ્ય' બની જવું ! આ કેટલી અવળી અને વજ્ર જેવી દિવાલ હતી એનું એ સમયે ભાન નહોતું.

એ જ અરસામાં મોટાથી વિખૂટો પડેલો હું ૧૯૬૭નાં નવેમ્બરની ચોવીસમી તારીખે મોટા મારા ઘરે પધાર્યા ત્યારથી એમની સાથે જોડાયો એમ અનુભવાયુ અને ત્યારથી મારા જીવનવહેણમાં ફેરફાર થવા લાગ્યો. ઊંડે ઊંડેથી એમ થતું હતું કે આવા સરળ, પારદર્શક પુરુષને ગુરુ તરીકે સ્વીકારીને એ કહે તેમ કરવું. પણ એવા આજ્ઞાપાલનની તત્પરતા નહોતી અને હિંમત પણ ન હતી. એ દિવસની મુલાકાતની વિગત 'મળાયું, પણ ભળાયું નહિ' પુસ્તકમાં મેં લખી છે.

આ દિવસથી મોટા મારા સખા - સદ્‌ગુરુ બની રહ્યા. એમના 'પદ' રૂપે એ સદ્‌ગુરુ ખરા, પણ મારા ભાવરૂપે તો એ સખા બન્યા.

*('મળ્યા-ફળ્યાની કેડીએ' - પ્ર. આ; પૃ. ૩ થી ૧૨)*

**પ્રશ્ન :** કર્મ પ્રમાણે બદલો મળતો હોય તો પછી ભગવાનનું નામ લેવાનો શો અર્થ ?

**ઉત્તર : કર્મનો બદલો ભોગવવો પડે છે, પરંતુ 'શૂળીનું વિઘ્ન કાંટે ગયું', એના જેવું ભગવાનને ભજવાથી થાય. કર્મના પરિણામની જલદ માત્રા - ઈન્ટેન્સિટી - ઘટીને ઘણી જ નાની-બિલકુલ સૂક્ષ્મ સ્વરૂપે-નામસ્મરણથી થઈ જશે. આ હકીકત અનેક સંતભક્તોએ અનુભવેલી છે, ને મને પણ ભગવાનનાં નામસ્મરણમાં વિશ્વાસ અને શ્રદ્ધા વખતોવખત જામતાં ગયાં છે. એટલે કર્મનો સિદ્ધાંત જ સર્વોપરી છે, એવું કશું નથી.**

**પ્રશ્ન : દુનિયામાં દેખાતાં બધાં દુઃખ, ત્રાસ, અંધાધૂંધી, અન્યાય વગેરે જોતાં ઘણી વાર ઈશ્વરના અસ્તિત્વ વિશે શંકા ઊપજે છે. જો ઈશ્વર ખરેખર હોય તો આવું બધું કેમ સંભવે ?**

**ઉત્તર :** આવા પ્રશ્નો કેટલીક વાર ઉપર છલ્લા હોય છે. પ્રશ્ન પરથી એમ લાગે છે કે લોકોમાં મથામણ થાય છે, પણ એ ખરી રીતે કેવળ ચર્ચા પૂરતા જ હોય છે. આવી ચર્ચાઓ વિશેષ કરીને સભ્ય ગણાતા લોકોની હોય છે. મારા મને આવા લોકો જડ લોકો કરતાં પણ નપાવટ છે. જેને ખરાદિલથી એ મથામણ જાગેલી હશે તેને એક દિન તેની સમજણ પડશે. **જગતના મોટા ભાગના મનુષ્યોના હૃદયમાં કોઈ ને કોઈ પ્રકારના ભગવાન કે દેવ વિશેની ભાવના રહેલી જ છે. એટલે એમ કહી શકાય કે એ ભાવના સુષુપ્તપણે આખા જગતમાં પડેલી છે.** આ હકીકત આપણે ગળે પૂરેપૂરી ઊતરી હોય તો **આપણા જીવનના ધ્યેયને સતત વધારે ને વધારે તમન્નાવાળું બનાવીએ. એને માટે નામસ્મરણ એ મોટામાં મોટું સાધન છે.**

**પ્રશ્ન :** ભાવદર્શન અને આકૃતિદર્શન, એ બે શું છે ?

**ઉત્તર : આપણે જેને સદ્‌ગુરુ કે ઈશ્વરનાં સ્થૂળ સ્વરૂપને માનતા હોઈએ ને તેની છબીનું પૂજન-અર્ચન કરતા હોઈએ એનો ભાવ આપણા હૃદયમાં ઉતારવાનો પ્રયત્ન કરીએ છીએ. પછી તે ભાવ એટલો હૃદયમાં ઊતરે કે છબી પ્રત્યક્ષ ન દેખાતી હોય તોપણ મનની આંખ આગળ ને પછી તો હૃદયના સ્થાન ઉપર તે પ્રત્યક્ષ દેખાતી હોય. એ સાધનાને અને તેના પરિણામને હું 'આકૃતિદર્શન' નામ આપું છું.**

**પણ ભાવદર્શન એનાથી આગળની સ્થિતિ છે. જે કોઈ પણ આપણું પૂજ્ય હોય તેની આકૃતિનાં સૂક્ષ્મ દર્શન સાથે આપણામાં એવો ભાવ જાગે કે એ આકૃતિ તો ભગવાનનું વ્યક્ત સ્વરૂપ છે. એટલે કે ભગવાન એના હૃદયમાં સદાય વસેલા છે એવો ભાવ આપણા મનમાં જાગે ને એ ભાવ સતત હૃદયમાં રહે, ત્યારે એવા ભાવ સાથેનું દર્શન 'ભાવદર્શન' કહેવાય.**

જ્યારે જ્યારે એ પૂજ્ય વ્યક્તિનો વિચાર કરતાં એને વ્યક્તિ તરીકે ન વિચારીએ કે ન દેખીએ,પણ એને ચેતનભાવે હૃદયથી પિછાની શકીએ તો એ ભાવદર્શનમાં આપણી પ્રગતિ થઈ કહેવાય અને છેવટે એ વ્યક્તિને બદલે એની પાછળ રહેલો સૂક્ષ્મભાવ જ આપણે અનુભવ્યા કરીએ અને આપણે જાતે જ એ અનુભવમય થઈ જઈએ ત્યારે **'ભાવદર્શન'ની સાધના ફળી કહેવાય અને પછી તો એ સૂક્ષ્મભાવ બધે ઠેકાણે ને બધે સમયે આપણાથી અનુભવાય.**

**પ્રશ્ન :** દિલનું રૂપાંતરણ કરવાની શક્તિ આપ ન આપો ?

**ઉત્તર : દિલે દિલ હળી, મળી, ભળી, ગળી જાય અને આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્- એ કરણોની જેવી હેતુલક્ષી સભાનતા જામતી રહે તો તેવી શક્તિ મળે જ મળે** અને અહમ્‌નો રણકો પણ સંભળાય નહિ ને પૂર્ણપણે નમ્રતા પ્રગટે અને શરણાગતિની ભાવના જીવંત પ્રગટતી જાય ત્યારે જ ચેતનની શક્તિ કામ કરવા લાગી જાય ખરી. **શક્તિ માગ્યા કરવાથી મળે તેવું તો ખાસ કશું નથી. આપણું દિલ સ્વીકારાત્મક અને સહકારયુક્ત 'રિસેપ્ટીવ અને રિસ્પૉન્સિવ' થાય તો તે શક્તિ મળતી અનુભવ્યા વગર ના રહી શકે.**

**પ્રશ્ન : સ્વપ્ન આવે છે તે શું સૂચવે છે ?**

**ઉત્તર : સ્વપ્ન એ તો અનેક પ્રકારના સંસ્કારો જે**

**ચિત્તમાં પડેલા હોય છે તેનો શંભુમેળો થઈને પ્રગટ થવું તે છે.** સ્વપ્નમાંથી કેટલીક વાર આપણને સમજવાનું બને છે. જીવન પરત્વેની ભાવના જ્યારે દિલમાં ખરેખરી પ્રતિષ્ઠા કરી રહેલી હોય છે, ત્યારે આવાં સ્વપ્નોનો અર્થ આપણે પોતે આપણી મેળે ઘટાવી શકીયે છીએ. કેટલીક વાર સદ્‌ગુરુ તેના શિષ્યને સ્વપ્ન દ્વારા સૂચન પણ કરતા હોય છે. સાધનાના માર્ગનો બોધ દે છે, ને સાધના પણ કરાવે છે.

**પ્રશ્ન : કેટલાક માણસો નિયમિતપણે દેવમંદિરે જતા હોય છે, છતાં તેઓ તેમના અંત સમયે ઘણી વાર મનની શાંતિ ગુમાવી બેધ્યાનપણે લવારો કરતા હોય છે, એલફેલ બોલતા હોય છે ને ભગવાનનું નામ યાદ આવતું નથી હોતું. તેનું શું કારણ ? અને એનો કોઈ ઉપાય ખરો ?**

**ઉત્તર :** કેમ કે તેમના હૃદયમાં ભગવાન વિશેની સાચી ભાવના ઊગેલી હોતી નથી. **તેઓ મંદિરે જતાં આવતાં પર-નિંદામાં રાચતાં હોય છે અને હેતુનું જ્ઞાનભાન રહેતું નથી. આથી તેઓ કોરા જ રહેતા હોય છે.** આથી, તેમને અંતકાળે ભગવાન યાદ આવતા નથી. **આનો ઉપાય એક છે : 'જાગતા નર સેવીએ'. જાગેલા નરનો સહવાસ અંતકાળે કામ આવી જાય છે.** આ સંબંધે મારા ગુરુમહારાજે મને એક અનુભવ કરાવેલો. **મારા ગુરુ મહારાજ ઘણી વાર કહેતા કે <u>'દિલની સચ્ચાઈ સાથે થયેલો સંતસમાગમ ગમે તેવા ખરાબ માણસને પણ સદ્‌ગતિ થવા પ્રતિ પ્રેરે છે.'</u>** આ હું સમજી શકતો નહિ. મારી આ શંકા તેમની આગળ વ્યક્ત ન કરી છતાં તેઓ તે કળી ગયા.

અને એક વાર મને પાસેના (ગુરુમહારાજના સ્થાન પાસેના) એક ગામમાં જઈને 'મરવા પડેલા' એક માણસને જોવા જવા હુકમ કર્યો. તે ગામે હું ગયો ને ગામમાં તપાસ કરી કે, કોઈ માણસ ભારે બીમારીમાં મરવા પડ્યો છે ? એનું ઘર જડી ગયું એટલે હું ઘરમાં જઈને તેની પથારી પાસે બેઠો. તે ખરેખર મૃત્યુશય્યા પર પડેલો હતો, ને સન્નિપાતમાં ગાળો બોલતો હતો. મને તેથી કંટાળો તો આવ્યો છતાં બેસી રહ્યો - ગુરુમહારાજની આજ્ઞા હતી માટે. થોડી વારે એની ભાપા ને ભાવ બદલાયાં. ને તે પ્રાર્થના કરવા લાગ્યો : 'હે ધૂણીવાળા દાદા ! હે ગુરુમહારાજ ! હે દયાળુ પ્રભુ ! મારા ગુના માફ કર, મારા પર દયા કર !' વગેરે. ગુરુમહારાજ એની સામે ઉપસ્થિત હોય એ પ્રમાણે તે બોલતો. ને થોડી વારે તેણે શાંતિપૂર્વક ભગવાનનું, ગુરુનું નામ લેતાં લેતાં પ્રાણ છોડ્યા. **આમ 'જાગેલ' પુરુષનો સેવેલો સહવાસ ગમે તેવા દુરાચારી માણસને પણ સદ્યમુક્તિ આપે છે. તેનો પ્રત્યક્ષ અનુભવ પ્રભુકૃપાએ થયો.**

**પ્રશ્ન :** શ્રીઉપાસની મહારાજ દુર્ગાબાઈના ચડાવ્યા પૂજ્ય ગોદાવરી માતાને (તેમની નાની વય દરમિયાન) કેમ મારતા હતા ? દુર્ગાબાઈ પણ તેમને મારતાં !

**ઉત્તર :** દુર્ગાબાઈ પૂજ્ય ગોદાવરી માતાને મારતાં તે તેમના સ્વાર્થને ખાતર ને **શ્રીઉપાસની મહારાજ મારતા તે ગોદાવરી માતાના ઉત્કર્ષ ખાતર, જે બીજા જોનારાની સમજમાં ન આવી શકે.** હું આવો અર્થ ઘટાવું છું. મારા ગુરુમહારાજે મને એક વાર એક માણસ જઈ રહ્યો હશે તેને બતાવીને કહ્યું કે 'પેલા માણસને પથરો માર...માર, માર, સાલાને, લોહીલુહાણ થઈ જાય એવી રીતે માર.' ગુરુનો હુકમ કેમ તોડાય ? એટલે પેલા રસ્તે જનારને મેં પથરો માર્યો. એટલે પેલો માણસ આવીને મને કહે, 'અલ્યા ! પથરો કેમ માર્યો ? મેં તારું શું બગાડ્યું હતું ?' મેં કહ્યું, 'જો, મારી ઇચ્છાથી નથી માર્યો. પ...ણે પેલા ગુરુમહારાજ બેઠા છેને તેમણે મને તમને મારવાનું કહ્યું એટલે મેં તમને માર્યો. એટલે એ ગુરુમહારાજ પાસે ગયો ને પૃચ્છા કરી. ત્યારે ગુરુજીએ તે કેવાં ખરાબ કર્મ કરવા જઈ રહ્યો હતો તે કહી બતાવ્યું. પેલો માણસ મહારાજને પગે પડ્યો ને રડીને પશ્ચાતાપ જાહેર કર્યો. આમ, યોગીજનોની વાતો નિરાળી હોય છે.

**પ્રશ્ન :** કહે છે કે સંતો તેમના દેહવિલય પછી પણ તેમના ભક્તોને માર્ગદર્શન આપતા હોય છે એ સાચું ?

**ઉત્તર :** હા, જરૂર. ગીતાજીમાં નથી કહ્યું કે ઈશ્વર અવતાર લે છે તેવી રીતે સંતો પણ, અરે, સૂક્ષ્મરૂપે પણ ભક્તોને માર્ગ બતાવે છે.

*('શ્રીમોટાની સાથે વાર્તાલાપ, સાતમી, પૃ. ૧૩ થી ૨૧)*

## ૬. નારીને શિખામણ - સુશીલાબેન અમીન

**પોતામાં નીરખવું :**

સ્ત્રીની નિરાધાર અને લાચાર સ્થિતિનો કોઈ દુરુપયોગ કરવા આવે. પરંતુ આપણે ગાંઠીએ તો ને ? જગતમાં કશું એકલું બનતું હોતું નથી. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ રીતે દોરી સંચારમાં પરસ્પર નિમિત્ત રૂપે હોય, તેમ છતાં સર્વ કાંઈની સ્પર્શભૂમિકા આપણા અંતરમાં રહેલી છે. સર્વનું મૂળ બીજ સ્ત્રીની પોતાની પ્રકૃતિ છે. એટલે સ્ત્રી પોતે જ વિશેષ જાગૃત રહેવાનો પ્રયત્ન કરીને સ્ત્રીએ પોતાને જ દોષ દેવાનો છે. બીજા કોઈને દોષ દેવો તે સ્ત્રી જીવની પામરતા ને નિર્બળતા છે. એટલે સ્ત્રીજીવ પોતે અંતરથી જેટલો વિવેકયુક્ત, વિશેષ જાગૃત અને જીવનના ધ્યેયની બાબતમાં જેટલો લગાતાર ને એકાગ્રપણે કેન્દ્રિત થયા કરશે. તેમ તેમ સ્ત્રીજીવ પોતે સાવ નિરાંત અનુભવી શકશે. પૂજ્યશ્રી આનંદમયીમાતા પાસે શું ઓછાં માણસો જતાં હતાં ? શું તેમનાથી માણસો આકર્ષાતાં નહોતાં ? એટલે આકર્ષણ એ તો જીવની હરકોઈ એક સ્થિતિમાં રહ્યા કરવાનું એટલે સ્ત્રીજીવે પોતે સર્વપ્રકારની ભડકમાંથી મુક્ત થઈ જવાનું છે. સર્વપ્રકારથી સાહસિક અને હિંમતવાન સ્ત્રી થાય અને સર્વપ્રકારના હુમલાઓને પાછા વાળવાને ચેતનાપૂર્વક જીવતીજાગતી થાય તો ઘણી શાંતિ વળે.

વળી સ્થૂળ કે સૂક્ષ્મપણે જે જે નકારાત્મક હોય, જીવસ્વભાવવાળું હોય અને આવેશયુક્ત હોય તેનો સામનો આંતરિકપણે ઘણી શાંતિથી અને પ્રેમભક્તિથી સ્ત્રીજીવે કરવાનો છે. જગતમાં આપણું કોઈ વેરી કે મિત્ર નથી. જે તે કંઈ છીએ તે આપણે પોતે જ છીએ. આપણો પોતાનો જ સંકોચ અને વિસ્તાર જીવનમાં અનેક રીતે વ્યક્ત થયા કરતો હોય છે. માટે શરીરની ભડક ભાંગવાની છે. શરીર તો સાધનને માટે છે.

### ગૃહિણીનાં કાર્યો

ઘરકામની સર્વ પ્રકારની આવડત અને કળા કૌશલ્ય સ્ત્રીમાં પ્રકટવાં જોઈએ. ઘરખર્ચનો હિસાબ-કિતાબ રાખવો જોઈએ. દાણા-દૂણી, મસાલા કેમ સાચવવા, તે બગડે છે કે કેમ તે જોતાં રહેવું. માણસો પાસેથી કામ લીધાં કરવું. ઘરનું રાચ-રચીલું સુંદર, કળાત્મક રીતે વ્યવસ્થાપૂર્વક ગોઠવાયેલું રહે એમ કરવું. ખૂણે ખાંચરે બાવાં જાળાં બાઝ્યા હોય તો તે સાફ કરાવવાં કે કરવાં, ઘરમાં શું ખૂટતું-વધતું છે એનો ખ્યાલ હોવો જોઈએ.

આપણાં વહાલાં પર સર્વભાવે વારી જઈને એની સર્વ સગવડ ને સરળતા આપણે જોયાં કરીએ. એને શું ભાવે છે ને શું નહિ, એનું જ્ઞાન સહજમેળે આપણને અંતરમાંથી સ્ફુરવું જોઈએ. એને સર્વ રીતે પ્રસન્ન રાખ્યાં કરવાનાં સ્વપ્ન આદર્શ મનમાં રચાયાં કરતાં હોવાં જોઈએ. આપણો ધર્મ હૃદયની સદ્ભાવનાથી પાળતા થઈ જઈશું તો તે પણ પાળશે. પતિને ગુસ્સે થવાનું કોઈ કારણ જ ન મળવું જોઈએ.

**ઘરસંસારમાં જે સ્ત્રી, સ્ત્રી જ સૌથી પહેલાં પોતાના પતિને રાજી ના કરી શકી તે સ્ત્રી, સ્ત્રી જ નથી.** પતિ પરનો હૃદયનો સાચો પ્રેમભાવ હોય તો એના કાજે-એને પ્રસન્ન રાખવા કાજે મૃત્યુ પણ વહાલું લાગવું જોઈએ. પતિ-પત્ની વચ્ચે કોઈ જાતનો ભેદભાવ ન હોવો જોઈએ. પતિ જ સર્વસ્વ છે. એના વડે જ સ્ત્રીનું જીવન છે. એ જ જીવનનો ઉત્તમમાં ઉત્તમ શૃંગાર છે. એ હું સ્ત્રી હોત તો આ રીતે જીવી બતાવત.

**નારીજીવન ધન્યજીવન ! પ્રથમ, પૃ. ૩૧ થી ૩૩**

## ૭. ભાઈશ્રી નંદુભાઈની સેલ્સમેનશીપ - બાબુ સરકાર

જીવનની શરૂઆતમાં હીરાના ધંધા અર્થે પેરિસ ગયેલા ત્યાં એક વૃદ્ધ બહેનને ત્યાં Paying Guest તરીકે રહેતા. ફ્રેંચ પણ સારું શીખી ગયેલા. ભારત પાછા ફર્યા બાદ તે બહેન સાથે સંબંધ ચાલુ રહ્યો અને તેમની સાથે થોડો સમય પત્રવ્યવહાર પણ કરેલો. તેમનામાં(ભાઈમાં) કદરભક્તિ ઘણી હતી અને તે બહેનની મદદને કદી ભૂલ્યા ન હતા. એ કદરભક્તિ પછી ગુરુભક્તિમાં પરિવર્તન પામી.

ભારત પાછા ફર્યા બાદ તેઓએ મુરબ્બી ગોપાલદાસ મામા સાથે પોતાનો હીરાનો ધંધો શરૂ કર્યો. મુંબઈથી હીરા ખરીદી કરી લાવતા અને ત્રિચિ-કુંભકોણમ્‌મા વેચતા. તે વખતે હીરાનું કેન્દ્ર પેરિસ (ફ્રાંસ) હતું.

### પરવડશે તો લઈશ

એક વખતે તેઓ મુંબઈ ખરીદી માટે ગયેલા. એક ગુજરાતી જૈનને મળ્યા. તે પેઢીના બે માલિકો - કાકો તથા ભત્રીજો ફ્રેંચમાં વાતો કરવા લાગ્યા ધીમે અવાજે. તેઓ સારું ફ્રેંચ જાણતા હતા. થોડો સમય પૂજ્ય ભાઈએ તેમની વાતોને ચાલવા દીધી. વાતોનો સાર એ હતો કે દક્ષિણથી આવેલા વેપારીને અંગ્રેજી ભાષા પણ ખરેખર ન આવડતી હોય તો ફ્રેંચ ક્યાંથી સમજી શકે ? એવા વેપારી પાસેથી સારે નફે માલ વેચી શકીએ.

પછી અધવચ્ચેથી ભાઈએ ઊભા થઈને તેમને કહ્યું, 'માફ કરજો. હું તમારા કક્ષની બહાર વેઈટિંગરૂમમાં થોડીવાર બેસું છું.તમે તમારો વેચવાનો ભાવ નક્કી કરીને મને કહો. પરવડશે તો લઈશ, નહિ તો આપણે બન્ને છૂટા. હું ફ્રેંચ ભાષા જાણું છું. ફ્રાંસમાં બે વર્ષ રહેલો છું.'

તુરંત કાકો બોલ્યો, 'બેટા આપણાથી વધુ ભાવ ન લેવાય. મેં તને શરૂઆતમાં જ કહેલું. તું પેલી purchase file લઈ આવ અને તે ફાઈલ પૂજ્ય ભાઈને બતાવી અને જણાવ્યું. 'આના ઉપર પાંચ ટકા નફો રાખીને મારું બિલ બનાવીશ.'

'મને પરવડશે' ભાઈ બોલ્યા અને સોદો પતાવીને બહાર નીકળી ગયા.

### સેલ્સમેનશિપ

બીજો પ્રસંગ છે તેમની Salesmanshipનો. તેઓ એક વખત એક મોટા ઘરાકને એક હીરો વેચવા ગયેલા. તે પેઢી ઉપર બીજો વેપારી પણ આવી ચઢેલો - હીરો વેચવા.

શ્રી નંદુભાઈને થયું કે આની સામે આપણી દાળ નહિ ગળે. પેલા વેપારી સાથે મોઢેથી શરત કરી. 'જેનો હીરો વેચાય તેણે પાંચ ટકા બીજાને આપી દેવા. જો મારો વેચાય તો હું પાંચ ટકા તને આપું અને તારો જો વેચાય તો તું પાંચ ટકા મને આપજે. તો આપણા બે વચ્ચેની હરીફાઈ ટળી જાય અને મિત્રતા અને સદ્‌ભાવ રહે. પેલો કબૂલ થયો.'

પૂજ્ય ભાઈએ પેલાનો હીરો જોવા માગ્યો અને બીજાયે જોવા આપ્યો. પછી પેલાને ખબર ન પડે એવી રીતે એક હલકી ફૂંક મારી અને હીરાની ડબ્બી બંધ કરીને પાછી આપી દીધી. 'હીરો સરસ છે' ભાઈએ એને કહ્યું, 'ઊંચી જાતનો હીરો છે.'

પરંતુ ફૂંકને લીધે હીરો ઝાંખો પડી ગયો અને એનું 'લસ્ટર' ખરીદનારને ન જણાયું. પૂજ્ય ભાઈએ સારા નફે હીરો વેચીને પેલાને પાંચ ટકા આપીને એને ખુશ કર્યો.

એક જ વખત પૂજ્ય ભાઈએ આવો Salesmanshipનો ખેલ ખેલ્યો. 'Everything is fair in love, war and business' તેમણે કહ્યું. આ બન્ને પ્રસંગો પૂજ્ય ભાઈએ મને કહેલા એટલે આધારપૂર્વક સાચા ને authentic ગણાય.

**જીવન અંજલિ, પ્રથમ આ. પૃ. ૯**

## ૮. સાઉન્ડ પ્રૂફ મૌનઓરડા અંગે શ્રીમોટાની ભાવના

પૂજ્ય શ્રીમોટાએ ઈ.સ ૧૯૫૦માં **વિશ્વનું પ્રથમ મૌનમંદિર** કાવેરી નદીના કિનારે કુંભકોણમ્‌માં બનાવરાવ્યું તે પહેલા ઈ.સ ૧૯૪૦થી તેમના સાધક મિત્રો શ્રી હેમંતભાઈ નીલકંઠ, શ્રી નંદુભાઈ શાહ, શ્રી વ્રજલાલ જાની, શ્રીમતી કાંતાબેન શાહ, શ્રીમતી જયાબેન જાની, શ્રી ગોપાલદાસ મામા, જેઠી બા, શ્રીમતી પ્રમીલાબેન મહેતા, શ્રી લાલાજી તેમજ અન્ય સ્વજનોને જુદે જુદે સ્થળે એકાંતમાં ૭ દિવસથી માંડી ૧૦૫ દિવસના મૌન અનુષ્ઠાનના પ્રયોગો કરાવતાં. આ કાળમાં મૌનએકાંતનું સ્થળ મોટાભાગે સ્વજનનું ઘર રહેતું, કોઈ કોઈ સ્વજનને મોટાએ અવાવરું કૂવામાં કે અન્ય ભયજનક સ્થળોએ પણ સાધના કરાવી છે.

ઈ.સ ૧૯૪૦-૧૯૫૫ના સમયગાળા દરમ્યાન મૌનરૂમોમાં અત્યારે છે તેવા એટેચ ટોયલેટ બાથરૂમ ન હતા ખુદ મોટાએ અનેક મૌનાર્થીઓના મળ મૂત્રના તગારા ઉપાડ્યા છે, મૌનાર્થી માટે નદીમાંથી કે કૂવેથી જાતે પાણી લાવી પાણીના ટીપણાઓ ભર્યા છે. મૌનાર્થીની આ પ્રકારની સ્થૂળ સેવા તેમજ મૌન એકાંતના ગાળામાં મનાદિકરણને શુદ્ધ કરવાની સૂક્ષ્મ સેવા પણ કરી છે. શ્રી નંદુભાઈ અને અન્ય સ્વજનો માટે ઈ.સ ૧૯૪૬થી સાબરમતી નદી કિનારે, ગાંધી આશ્રમમાં આવેલી મીરાકુટીરનો હંગામી ધોરણે મૌનરૂમ તરીકે ઉપયોગ શરૂ કરવામાં આવ્યો. મૌનમંદિર વપરાય તેટલા સમયનું ભાડું હરિજન સેવક સંઘને ચોપડે જમાં કરાવવામાં આવતું.

આ રીતે અમદાવાદ, કેરાપટ્ટી, સાયલા, શિરડી, વ્યાસબેટ, કરાંચી, ટ્રિચિ વગેરે વિવિધ સ્થળોએ સ્વજનોના મૌન એકાંતના અનુષ્ઠાનો થતા હતા. શ્રી હેમંતદાદાએ ઈ.સ ૧૯૪૬માં ઈચ્છા વ્યક્ત કરી કે મોટા તમારો એક સ્વતંત્ર આશ્રમ હોય તો સમાજના બહોળા વર્ગના લોકો તમને મળી શકે અને મૌનએકાંતની પદ્ધતિ અનુસાર સાધના કરી શકે અને આ અંગે થનાર ખર્ચમાં સહાય આપવાની ઈચ્છા પણ વ્યક્ત કરી ત્યારે શ્રીમોટાએ તેમને કહેલું કે **''મારે વળી આશ્રમ કેવો ? મારા સ્વજનો જ મારા જીવતા આશ્રમો છે.''** જ્યારે શ્રી નંદુભાઈ અને હેમંતદાદાએ આશ્રમ બનાવવા અંગે શ્રીમોટાને સંમત કરવા સતત પ્રયાસો ચાલુ રાખ્યાં ત્યારે મોટાએ કહેલું કે **'મારે આશ્રમ કાઢવો હોય તો કશી વાર નથી. હવે, મને શ્રી પ્રભુકૃપાથી પૈસાની તો ચિંતા જ નથી. પૈસા તો જરૂર પડતાં એ વહાલો આપ્યા જ કરે છે. એ તો નિત્યનો અનુભવ છે. કિન્તુ મારે ઘરેડ પ્રમાણેનો આશ્રમ જોઈતો નથી. જ્યાંથી ભગવાનની ચેતનાશક્તિ, ભાવના જેમ વીજળીના મૂળ કારખાનામાંથી જ્યાં ત્યાં બધે વીજળી પ્રસરતી હોય છે, જેમ તેનું આપોઆપ પ્રસરવાનું બને અને એવું પ્રત્યક્ષ અનુભવમાં આવ્યા કરે એવી અંતરમાં સહજ ભાવના પ્રગટે ત્યારે તેમ કરવું યોગ્ય છે એની પ્રેરણા હજી તેવી મળી શકી નથી.** ભાઈશ્રીનંદુભાઈ, ગાંધી આશ્રમમાં**'મીરાંકુટિર'** નામની ૧૦ X ૧૫ ફૂટ લાંબી ઓરડીમાં જ્યારે ૭૯ દિવસનું મૌનએકાંતનું અનુષ્ઠાન પૂર્ણ કરીને નીકળવાના હતા ત્યારે તા. ૨૬/૦૯/ ૧૯૪૯ના પત્રમાં ભવિષ્યમાં થનાર હરિઃૐ આશ્રમોમાં મૌન એકાંતનો ઓરડો કેવો હોવો જોઈએ તેનું માર્ગદર્શન આ મુજબ આપ્યું હતું.

**'જ્યાં સુધી ભગવાને મને મારા આદર્શ પ્રમાણેનો મૌનએકાંતનો ઓરડો તૈયાર કરવાની બધી રીતની સરળતા આપેલી નથી ત્યાં સુધી** તમારે, કાંતાને અને હેમંતભાઈને કાજે આ ઓરડી મૌનને માટે મળી શકે અને પરીક્ષિતભાઈ જો સહેલાઈથી તેઓ આપણને આપી શકે તો **ભલે બીજા સુધારા આપણે ન કરાવીએ પણ મૌનએકાંત યોગ્ય રીતે થાય એ કાજે બહારનો અવાજ અંદર ન આવે એટલા માટે**

**Sound proof થવાને કાજે અમુક જાતના Board આવે છે તે લગાવી દીધા હોય તો બહારના અવાજો આપણે કાને ન પડ્યા કરે, અને તેટલી એકાગ્રતા આપણી જળવાયાં કરે.** જો આપણને તે ઓરડીનો ઉપયોગ કરવા દેવાનું તેઓ કબુલ કરે તો મૌનએકાંતના સાધન કાજેની યોગ્યતા પ્રગટાવવા કાજે તેટલું ખર્ચ કરેલું યોગ્ય ગણાય અને તે અંગેની માહિતી તમે જરૂર મેળવી શકશો.'

"કુંભકોણમ્‌માં જો પ્રભુકૃપાથી જમીન લેવાઈ ગયા બાદ તેવો ઓરડો થવાનું જો બની શકશે તો તે ઓરડાની આખી રચના Sound proof કેવી રીતે બની શકે તે રીતે તેના Experts જે કોઈ હશે તેની કનેથી બધી માહિતી મેળવીને તે કરાવવાનું થઈ શકે એવું હું પૂ. મામાને જઈને વાત કરવાનો છું. પૂ. મામાના મારા ઉપર બે-ત્રણ કાગળો એવા આવ્યા છે કે તમે હુકમ કરો એટલે કુંભકોણમ્‌માં કાવેરીને કાંઠે તમારી જગ્યા નક્કી જ થઈ જાય અને આપણે જંગલમાં જઈને તો વસવાનું નથી જે મૌનએકાંતનો ઓરડો થાય તેની સાથે મારે રહેવા કરવા કાજેનો પણ ભાગ હોય અને મૌન કોઈ જીવનું હોય ત્યારે બીજા સ્વજનો પણ સાથે હોય છે એટલે અવાજો તો રહેવાના જ, તો પછી તે અવાજોનો આપણને સ્પર્શ નહિ એવું થાય એ જ ઉપાય આપણે લેવો રહ્યો. તેમાં થોડું ખર્ચ વધારે થશે પણ સાધનની યોગ્યતાને કાજે તે વધારે પડતું નહિ ગણાય. આ બધું કામ થવાને કાજે જેમ જેમ સરળતા મળતી જશે તેમ તેમ તે બધું થતું જાય એ જ ઈષ્ટ છે, મૌનઓરડા વિષે મારા મનમાં જે જાગ્યું છે તે તમને જણાવ્યું છે."

"આવો મૌન એકાંતનો ઓરડો હોય તો સાધક પોતાના એકલા જ મનન-ચિંત્વનના વાતાવરણમાં માત્ર રહ્યાં કરે બીજા અવાજો તેને સ્પર્શે નહિ અને તેથી કર્ણેન્દ્રિય હરિઃૐના સ્મરણમાં જ લીન રહ્યાં કરે ને બીજે ધ્યાન એનું ખેંચાય નહિ અને તેથી તે બીજે આડફંટે કશામાં પરોવાય જવાની શક્યતા ન રહે. આ અંગે તમે પણ જરૂર વિચારવાનું કરજો."

**"મૌનએકાંતનો ઓરડો Sound proof થાય તેનો વિચાર મને પૂ. મોટીબાના (શ્રી નંદુભાઈના માતુશ્રી જેઠીબા) મૌન વખતથી આવેલો છે એટલે જો આપણે આ બાબતમાં એટલે કે આવી જાતના સાધનની બાબતમાં લાગી રહેવાનું પ્રભુ કૃપાથી બન્યા કરે તો તે વિચાર ભગવાન તેની કૃપા દ્વારા આકાર લેવડાશે જ એમ લાગે છે. જે જે જીવને પોતાનું સાધન યોગ્ય પ્રકારે ને યોગ્ય પ્રકારનું થાય અને એવું જેને મનહૃદયથી લાગે તે તેવી બાબતમાં પ્રભુકૃપાથી પ્રેરણાવંત આજ કે કાલ થવાનો જ છે એ પણ મારે મન નકકી વાત છે અને તે પણ એવા પ્રકારની મથામણમાં જીવતો રહેશે એમ પણ લાગે છે."**

ઈ.સ ૧૯૫૦માં ટૅક્નોલૉજીની મર્યાદાના કારણે અથવા અન્ય કોઈપણ કારણસર કુંભકોણમ્‌માં બનેલ મૌનઓરડાને સાઉન્ડપ્રૂફ બનાવવાની વ્યવસ્થા થઈ શકી નહિ તેમ છતાં ઈ.સ ૧૯૫૩માં શ્રી ભીખુકાકા પહેલી વખત શેઢી નદીને કિનારે નડિયાદ આશ્રમવાળી જમીન જોવા ગયા ત્યારે શ્રીમોટાએ નડિયાદ આશ્રમમાં નવા બનનાર મૌનરૂમને સાઉન્ડ પ્રૂફ બનાવવાની વાત તા. ૨૫-૦૯-૧૯૫૩ કુંભકોણમ્ નીચેના પત્રમાં જણાવી હતી.

"તમારો નડિયાદથી લખેલ પત્ર મળ્યો છે, તમને નડિયાદની જગ્યા ગમી ગઈ તે જાણી આનંદ. તમને ત્યાં જરૂર રહેવાનું કરી શકાય પણ વિદ્યાબહેનને ત્યાં ફાવી જ ના શકે. એટલે તમારે એકલાને એ જ્યારે આવવા દે ત્યારની વાત ત્યારે. તમે એક હજાર રૂપિયા તે આશ્રમ ખાતે આપવાની વાત કરી છે પણ તે હાલમાં બની ના શકે. એક તો તમારા માતા-પિતા તથા શ્રી લલ્લુભાઈના તેમાં આશીર્વાદ મળવા ઘટે ને તેના વિશે વિશેષ સંમતિ તો વિદ્યાબહેનની મળવી ઘટે. આ બધું થયું હોય તો તે પછીથી જ તે

અંગે વિચારી શકાય. તે મૌનમંદિરનું મકાન કરાવવાનું કરીશું ત્યારે મારે તમારી મદદની જરૂર પડવાની માટે તે વેળા રજા મળી શકે તેવી પેરવીમાં રહેશોજી ત્યાં આગળ વીજળી પણ લાવી શકાય તેવું છે.''

**નડિયાદમા મૌનમંદિર બંધાવવું છે પણ તે અહીંના કરતાં વધારે વૈજ્ઞાનિક ઢબે આનાં કરતાં મોટું ને બહારનો અવાજ ન સંભળાય તેવું (SOUND PROOF) બનાવવાનું છે એ તો પ્રભુકૃપા થાય ત્યારની વાત છે.** તમારા સાથની મને ઘણી જરૂર પડવાની, પ્રભુકૃપા કરે ને વિદ્યાબહેનનો સાથ મળે તે કેટલું ને કેવું ઉત્તમ!!! પણ એ બધો આધાર તમારા વર્તન પર રહેવાનો છે. તમે રકમ આપવા તૈયાર થયા છો પણ ખૂબી તો એ છે કે તે કબીરપંથી મહંતને પૈસા આપવાનું કરવા છતાં તે જગા આપવાની ઇચ્છા નહીં બતાવેલી તે આજે મફત દાન કરી દે છે તેની પાછળ સ્થૂળ, સૂક્ષ્મ બંને પ્રકારના હેતુ હોઇ શકે છે. વિદ્યાબહેનને સપ્રેમ ઘણા પ્રણામ.

લિ. તમારા મોટાના સપ્રેમ ઘણાં ઘણાં રામરામ

ઈ.સ. ૧૯૫૫માં નડિયાદ આશ્રમના મૌનમંદિરો બન્યા ત્યારે પણ કોઈ કારણસર Sound proof મૌનરૂમો બની શક્યા નહિ, ત્યારબાદ ઈ.સ ૧૯૫૬-૧૯૫૯ દરમ્યાન હરિઃૐ આશ્રમ સુરતનું બાંધકામ ચાલતું હતું ત્યારે પણ શ્રીમોટાએ મૌનરૂમોને સાઉન્ડપ્રૂફ બનાવવા અંગે ભીખુકાકાને ફરી સૂચન કરેલું પણ અમુક સંજોગોવશાત પણ આ કામ થઈ શક્યું નહિ. હરિઃૐ આશ્રમ સુરત મૌનાર્થીઓ માટે શરૂ થયો તેના ૨૦ દિવસ પછીના જ તા. ૦૬/૦૯/૧૯૫૯ના પ્રવચનમાં શ્રીમોટા સ્વજનો સમક્ષ વ્યક્ત થયેલા કે ''**મારે આ મૌનએકાંતનું કર્મ કરવાનું થયું ત્યારથી કહું છું કે હું આ મૌનઓરડાઓને Sound proof (અવાજ રહિત) બનાવવા માગું છું.** ભગવાનની કૃપા હશે અને તેવી સરળતા થશે ત્યારે તેમ કરાવીશ.''

**પૂજ્ય શ્રીમોટાના મૌનાર્થીઓ માટે સાઉન્ડપ્રૂફ મૌનરૂમ બનાવવા અંગેના સંકલ્પને સ્થૂળ સ્વરૂપ આપવા માટે હરિઃૐ આશ્રમ, સુરતના ટ્રસ્ટીમંડળની મે માસ ૨૦૨૪ની મિટિંગમાં ઠરાવ નં ૪૫૮૬ થી સર્વાનુમતે મૌનરૂમ નં ૭ને પ્રાયોગિક ધોરણે સાઉન્ડપ્રૂફ બનાવવા અંગેનો નિર્ણય કરવામાં આવ્યો હતો. મૌનરૂમમાં ઓક્સિજનનું પૂરતું પ્રમાણ જળવાઈ રહે તે માટે રૂમની બહાર EXHAUST FAN દ્વારા રૂમમાં શુદ્ધ હવા પ્રવેશ કરી શકે તે મુજબ વ્યવસ્થા કરવામાં આવી છે તેમજ મૌનરૂમમાં અવાજ પ્રવેશવાના તમામ દ્વારો બંધ કરવામાં આવ્યા છે. મૌનાર્થીઓ માટે પ્રાયોગિક ધોરણે જુલાઈથી ડિસેમ્બરના સમયગાળામાં સાઉન્ડપ્રૂફ રૂમ શરૂ કરવામાં આવ્યો ત્યારે રૂમમાં ઓક્સિજનનું પૂરતું પ્રમાણ જળવાઈ રહે છે કે કેમ તે ચકાસવા માટે દરરોજ મૌનાર્થીઓનું બે વખત ઓક્સિજન લેવલ ચેક કરવામાં આવતું ત્યારે ૯૭ થી ૯૯ % નોંધાયેલ તેમજ સાઉન્ડપ્રૂફ મૌનરૂમ વિષે મૌનાર્થીઓના અભિપ્રાય/ સૂચનો નોંધવામાં આવ્યા છે.**

મૌનરૂમ નં ૭માં સાઉન્ડ પ્રૂફિંગનો પ્રયોગ સફળ થયા બાદ ટ્રસ્ટીમંડળે સપ્ટેમ્બર માસ ૨૦૨૪ની મિટિંગમાં વધુ **૨** મૌનરૂમોને આ પદ્ધતિથી વિકસાવવા અંગે ઠરાવ કર્યો છે. હરિઃૐ આશ્રમ સુરતના પાયાના પથ્થર એવા શ્રી ઝીણાકાકાએ જે રૂમમાં જીવન ગાળ્યું હતું તે મૌનરૂમ નં ૯ અને તેની ઉપર નવો બનનાર મૌનરૂમ નં **૧૦**ને પણ સાઉન્ડપ્રૂફ પદ્ધતિથી બનાવવો તેવું નક્કી કરવામાં આવ્યું છે. આ બંને રૂમોને **તા. ૧૩/૧૨/૨૦૨૪**થી મૌનાર્થીઓ માટે સાઉન્ડપ્રૂફ મૌનરૂમ તરીકે શરૂ કરવામાં આવ્યા છે. આમ, હરિઃૐ આશ્રમ સુરતમાં અત્યારે કુલ ૩ સાઉન્ડપ્રૂફ રૂમ તૈયાર થયા છે. ભવિષ્યમાં આ મુજબ અન્ય રૂમોને પણ વિકસાવવા માટે ટ્રસ્ટીમંડળ પ્રયત્નાધિન છે.

મેનેજીંગ ટ્રસ્ટી, હરિઃૐ આશ્રમ સુરત.

## ૯. પ્રેમ

- રમેશ ભટ્ટ

**સ્વજન :** મોટા, પ્રેમ વિશે નાનપણથી સાંભળ્યા કરીએ છીએ. એનો મહિમા દર્શાવનારાં સૂત્રોથી મન તો ભરાયેલું છે. પણ એની ગહનતા એકદમ સમજાતી નથી. શું સર્વત્ર પ્રેમભાવ જ પ્રસરેલો હોઈ શકે ખરો ?

શ્રીમોટા : 'सर्व खलु इदम् ब्रह्म' એવું શ્રુતિવચન જેટલું સાચું છે તેટલું જ सर्व खलु इदम् પ્રેમ એ કથન પણ સાચું છે. અંગ્રેજીમાં તો 'God is Love' એવી એક ઉક્તિ છે. **સ્થૂળમાં સ્થૂળથી સૂક્ષ્મ પ્રેમ પ્રવર્તી રહેલો છે. એને લીધે જ સૃષ્ટિનું ધારણ થાય છે, પોષણ થાય છે. એને લીધે જ માનવી અને પશુ તથા પ્રાણીમાત્રમાં જિજીવિષાની અદમ્ય પ્રેરણા રહેલી છે, કેમ કે જીવનમાં રસ રહેલો હોય ત્યારે જ જિજીવિષા હોય.**

**એકલા સચેતન નહિ પણ અલ્પચેતન અથવા આપણે જેને જડ કહીએ છીએ તેવા પદાર્થો પણ પ્રેમબદ્ધ છે. આ કંઈ કોઈ તરંગી કવિનો કલ્પનાવિહાર નથી, પણ શુદ્ધ સત્ય હકીકત છે.** પૃથ્વી અને બીજા ગ્રહો પરસ્પરના અને સૂર્યના આકર્ષણથી અને તારાઓ એકબીજાના આકર્ષણથી સ્વસ્થાન અને સ્વમાર્ગથી ચ્યુત થતા નથી અને તેથી સૃષ્ટિનો ક્રમ ચાલ્યા  કરે છે. પૃથ્વી ઉપર પણ દરેક જડ પદાર્થને પૃથ્વીનું આકર્ષણ છે. તેથી જ તે પૃથ્વી ઉપર રહી શકે છે. **આખું વિશ્વ કોઈ નિગૂઢ, અદૃષ્ટ સાંકળથી એકબીજા સાથે જોડાઈ રહ્યુ છે. પછી તેને સાપેક્ષવાદનો નિયમ (Law of Relativity) કહો કે બીજું કોઈ નામ આપો.** એ નિયમ, નિયમ હોવાથી સૂક્ષ્મ છે, પણ તેથી જ તે એટલો શક્તિશાળી છે કે સમસ્ત વિશ્વમાં તે વ્યાપ્ત છે. આ નિયમ પણ પ્રેમનું જ સ્વરૂપ છે, **કેમ કે પ્રેમ એટલે એકબીજાને જોડનાર સૂક્ષ્મ સાંકળ નહિ તો બીજું શું છે ?** આ પ્રેમ જ્યારે દેખીતી રીતે એવા પ્રાથમિક સ્વરૂપમાં પ્રગટે છે કે તેમાં પ્રાણ ન હોય એમ આપણને લાગે ત્યારે આપણે એને જડ પદાર્થનું નામ આપીએ એને વૈજ્ઞાનિકો ભલે સજીવ ન કહેતા હોય, પણ એ શક્તિનું રૂપ છે, એમ તો એ કહેતા જ હોય છે.

કોઈ પણ જડ પદાર્થનું પૃથક્કરણ કરતાં કરતાં વૈજ્ઞાનિકો જ્યાં સધી પરમાણુ - Atom સુધી પહોંચ્યા ત્યાં સુધી તો ઠીક હતું, પણ સૂર્યમાળામાં શ્રીકૃષ્ણરૂપી સૂર્ય અને આસપાસ ગ્રહો રૂપી ગોપગોપીઓની જે સનાતન રાસક્રીડા થયા કરે છે તેવી જ સનાતન રાસક્રીડા પેલા अणोरपि अणीयान् જેવા પરમાણુમાં પણ થાય છે, એવી જ્યારે શોધ થઈ ત્યારે તો જડ પદાર્થનું જડપણું ન રહ્યું અથવા રહ્યું ગણીએ તોપણ ત્યા પણ કંઈક એવું આકર્ષણનું તત્ત્વ માલૂમ પડ્યું કે જેને **'પ્રેમશક્તિ'** એવું નામ તાત્ત્વિક રીતે તો આપી શકાય, પછી ભલે એ વિજ્ઞાનશાસ્ત્ર અનુસાર નામ ન અપાયું હોય.

**સૃષ્ટિનું ધારણ અને પોષણ જેમ પ્રેમથી થાય છે તેમ તેની ઉત્પત્તિ પણ પ્રેમથી જ થઈ છે. રસરાજ ભગવાનને લીલા કરવાની, રસ ભોગવવાની ઈચ્છા થઈ અને एकोऽहं बहु स्याम्ની વૃત્તિ ઉત્પન્ન થતાં જ સૃષ્ટિની ઉત્પત્તિ થઈ અને સૃષ્ટિના ધારણ પોષણ દરમિયાન પણ સતત ઉત્પત્તિની જે ક્રિયા થયા કરે છે એનું કારણ પણ પ્રેમ કે રસ જ છે, એ હકીકતનો ઈન્કાર  કોણ કરી શકશે ?**

આમ, પ્રેમ વિશ્વવ્યાપી છે. 'જડ' પદાર્થોમાં તે આકર્ષણના નિયમ તરીકે ઓળખાય છે અને જીવંત પ્રાણીઓમાં તે વિષયવાસનાના અને તેના ઉચ્ચતર સ્વરૂપમાં પ્રેમ તરીકે ઓળખાય છે.

**દામ્પત્ય ભાવના સાતમી આ. પૃ. ૨૦ થી ૨૧**

# ગયેલા આત્માને હૃદયસ્પર્શી શ્રદ્ધાંજલિ

## સ્વ. કલ્પનાબહેન લેખડિઆ

**દેહાંત તા. : ૦૫-૧૧-૨૦૨૪**

ધર્મ અને ધંધાના કર્મફલક ઉપર યોગ્ય અને ન્યાયી સંસારી જીવો એટલે સદ્‌ગત ઇંદ્રવદન ભલાભાઈ લેખડિઆના વૈષ્ણવપંથી પુત્રો શ્રી કિરણભાઈ, શ્રી યોગેશભાઈ અને શ્રી અતુલભાઈ લેખડિયા અને તેમનો બહોળો પરિવાર ધર્મનિષ્ઠ, ઉમદા ભક્તિભાવ પરાયણ કુટુંબ ઉપર ઈશ્વર પણ તેની કૃપાભાવ વરસાવતા અનુગ્રહિત હોય છે. આવા ઉમદા ભક્તિભાવને કારણે સદ્‌ગુરુને નિમિત્ત બનાવીને આવા જીવને દોરે છે. શ્રી લેખડિયા પરિવાર પૂજ્ય ભાઈશ્રી નંદુભાઈનું સતત માર્ગદર્શન મેળવતા.

શ્રી અતુલભાઈ લેખડિઆ પૂજ્ય ભાઈશ્રી નંદુભાઈ સાથેના પરિચયમાં આવ્યા બાદ હરિઃૐ આશ્રમ, નડિયાદ અને ત્યારબાદ વિદ્યાનગરના રહેઠાણે એકાંતવાસ બાદ અવારનવાર મળવા જતા અને ભાઈશ્રીનું ધંધાકિય કે કુટુંબ પરિવાર માટે કે વ્યક્તિગત પ્રસંગે માર્ગદર્શન મેળવતા અને તેનો અમલ કરતાં.

શ્રી અતુલભાઈ લેખડિઆનો ધંધો વિશાળ ફલક ઉપર વિસ્તરેલો છે. તેઓ તેમજ તેમનું કુટુંબ હરિઃૐ આશ્રમ સિવાય અમદાવાદ ઓઢવ ખાતેના ગાયત્રી મંદિરમાં પણ જતાં અને મંદિરના માતાજીએ તેમને પૂત્ર તરીકે સ્વીકારેલા. તદ્‌ઉપરાંત આણંદના મોગરી ખાતેના અનુપમ મિશનમાં પણ જતાં. ભાઈશ્રી નંદુભાઈના દિલમાં શ્રી અતુલભાઈ માટે અનરાધાર પ્રેમગંગાની કૃપાવર્ષા દર્શાવતા. આથી જ શ્રી અતુલભાઈ આવી બધી જગ્યાએ પોતાનાથી શક્ય તે તમામ રીતે ઉપયોગી થતા અને હરિઃૐ આશ્રમને પણ ઘણી બધી રીતે અને ઘણી બધી વખત ઉપયોગી થયા છે. આમ, ધર્મપરાયણ અને સેવાભાવી કુટુંબમાં શ્રી અતુલભાઈના અર્ધાંગિની શ્રીમતી કલ્પનાબહેન પણ તેટલા જ દયાળુ અને ધર્મપરાયણ હતા. તેઓનું તા. ૫-૧૧-૨૦૨૪ના રોજ અમદાવાદ ખાતે દેહોત્સર્ગ થયો છે અને વૈકુંઠધામમાં પધાર્યા છે. પૂજ્ય શ્રીમોટા અને ભાઈશ્રી નંદુભાઈ આવા આકસ્મિક થયેલા અવસાનને કારણે કુટુંબીજનોને હિંમત બક્ષે અને વૈકુંઠધામમમાં શરણ આપે તેવી હરિઃૐ આશ્રમ, નડિયાદના ટ્રસ્ટી મંડળની હૃદયસ્પર્શી પ્રાર્થના.

## સ્વ. ગીતાબેન શાહ, વડોદરા

**દેહાંત તા. : ૧૧-૧૧-૨૦૨૪**

વડોદરા-ગીતામંદિરના અધ્યક્ષા ડૉક્ટર કુમારી ગીતાબહેનના દેહાવસાનથી પૂજ્ય શ્રીમોટાના સ્વજનો શોકની લાગણી અનુભવે છે.

દ્વારકાના દરિયાના મોજાઓમાં તણાતી એક બાળકીને પરમ પૂજ્ય વિદ્યાનંદજી મહારાજે બચાવી અને દીક્ષા આપી. તે જ બાળકી આગળ ઉપર સનાતન ધર્મરક્ષક બની. તેમજ ધર્મનાં સોપાનો હાંસલ કરી ડૉક્ટર ગીતાબહેન બની. રાષ્ટ્રપતિ જ્ઞાન ઝૈલસિંઘના હસ્તે પદ્મવિભૂષણનો ખિતાબ પણ પામ્યા. એટલું જ નહીં, ગ્રેટ બ્રિટન, અમેરિકા તથા અન્ય રાષ્ટ્રની મુલાકાત લઈ શ્રીકૃષ્ણની ભક્તિથી ભક્તોને તરબોળ કર્યા.

પૂજ્ય શ્રીમોટાની જેમ તેઓ પણ સમાજને બેઠો કરવાનાં કાર્યોમાં જોતરાયેલાં રહેતા હતાં. મહદ્‌અંશે તેમની વિચારસરણી પૂજ્ય શ્રીમોટાની વિચારસરણીને મળતી આવતી હતી. ધર્મના દાયરાને આધીન બહેનો, બાળકો, કચડાયેલા વર્ગને ઉંચે લાવવા માટે તેમણે અનેકવિધ કાર્યક્રમ યોજેલ હતા.

સ્ત્રીશક્તિ, નારીશક્તિ તેમજ બહેનોના ઉત્થાન માટે સતત સક્રિય રહેતાં હતા.

પૂજ્ય શ્રીમોટા સ્થાપિત અને બહેનોના ઉત્કર્ષ માટે જ કામ કરતી સંસ્થા **"મહાજન શક્તિ દળ"**ના પીઢ અને સૌથી જૂના ટ્રસ્ટીશ્રીઓમાંના એક હતાં.

બહેનોના શારીરિક માનસિક વિકાસ થાય તેવા થતાં દરેક કાર્યક્રમમાં ગીતામંદિરના અધ્યક્ષા તરીકે મહાજન શક્તિ દળને આર્થિક, નૈતિક ટેકો આપી હૂફ અને બળ પ્રદાન કરતાં હતાં.

પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને પરમ શાંતિ અર્પે એવી નડિયાદના ટ્રસ્ટી મંડળની હૃદયસ્પર્શી પ્રાર્થના.

## ગયેલા આત્માને હૃદયસ્પર્શી શ્રદ્ધાંજલિ

(૧) અમદાવાદ નિવાસી રમીલાબેન અનીલભાઈ પટેલનું અવસાન તા. ૫-૧૧-૨૦૨૪ના રોજ થયેલ છે.

(૨) અમદાવાદ નિવાસી કિશોરભાઈ નવનીતરાય રાવલનું દેહાવસાન તા. ૬-૧૨-૨૦૨૪ન રોજ થયેલ છે.

(૩) સુરત નિવાસી પૂજ્ય શ્રીમોટા અંતસંગ વર્તુળના ચીમનભાઈ છગનભાઈ પટેલનું અવસાન તા. ૪-૧૨-૨૦૨૪ના રોજ થયેલ છે.

(૪) ગામ-બિલોદરા-નડિયાદ ખાતે રહેતા ફુલાભાઈ મંગળભાઈ સોઢાનું અવસાન તા. ૬-૧૨-૨૦૨૪ના રોજ થયેલ છે. તેઓ પૂજ્ય શ્રીમોટાના સમયથી આશ્રમમાં ચોકીદાર તરીકે સેવા આપતા હતા.

(૫) સ્વ. ડૉ. વિનોદચંદ્ર અમીન પૂજ્ય શ્રીમોટાના અંતેવાસી હતા. તેમજ તેઓના ભાઈશ્રી અશ્વિનભાઈ અમીન, યુ.એસ.એ.ના બહેન શ્રીમતી હિનાબેન યોગેશભાઈ દેસાઈનું અવસાન તા. ૧૮-૯-૨૦૨૪ના રોજ યુ.એસ.એ. ખાતે થયેલ છે.

(૬) પૂજ્ય શ્રીમોટાના સત્સંગી અને નામ સ્મરણ પ્રેમી શ્રી રજનીભાઈ જાનીના મોટાભાઈ ચંદુલાલ એમ. જાનીનું તા. ૨૩-૧૨-૨૦૨૪ના રોજ દહોવસાન થયેલ છે.

(૭) શ્રીયુત કમલેશભાઈ ગોલવાલાના ધર્મપત્ની ઇંદુબેન ગોલવાલા તા. ૧૭-૧૨-૨૦૨૪ના રોજ અમદાવાદ ખાતે દેવલોક પામ્યા છે.

**શ્રીહરિ મોટા સર્વે ગતાત્માને તેમના શરણમાં રાખે તેવી હૃદયથી પ્રાર્થના**

## હરિ:ૐ ગુંજનને આર્થિક સહયોગ

(૧) સ્વ. ભાનુબેનના સ્મરણાર્થે : રૂ. ૫૦૦.૦૦
હસ્તે હરિતાબેન ભરતભાઈ સોની, અમદાવાદ

## હરિ:ૐ આશ્રમ, નડિયાદને બે મહિના દરમ્યાન મળેલ દાન

**માહે ઑક્ટોબર - ૨૦૨૪ - રૂ. ૩,૧૨,૦૫૦/-**

**માહે નવેમ્બર - ૨૦૨૪ - રૂ. ૮,૨૬,૨૪૩/-**

## વર્ષ-૨૦૨૫ દરમ્યાન હરિઃૐ આશ્રમ, નડીઆદ ઉત્સવ, તહેવારોની યાદી

| | | |
|---|---|---|
| (૧) | ૦૨-૦૨-૨૦૨૫<br>રવિવાર | શ્રીમોટાનો ૧૦૩મો દીક્ષાદિન વસંત પંચમી<br>શ્રીહરિ મોટાને બાળયોગીજી મહારાજે આજથી ૧૦૩ વર્ષ પહેલાં દીક્ષા આપેલી.<br>યજમાનશ્રી : શ્રી અનિલભાઈ એમ. શાહ, મુંબઈ<br>(વધુ વિગતો આ અંકના પાના નં. ૩ ઉપર પ્રસિદ્ધ કરેલ છે.) |
| (૨) | ૦૬-૦૪-૨૦૨૫<br>રવિવાર | રામનવમી - શ્રીહરિ મોટા સાક્ષાત્કાર દિન.<br>હરિઃૐ આશ્રમ, સુરત<br>યજમાનશ્રી : શ્રી અશોકભાઈ ઈશ્વરભાઈ પટેલ, સુરત<br>(મિલન સમારંભની વધુ વિગતો હરિઃૐ આશ્રમ, સુરત દ્વારા આપવામાં આવશે.) |
| (૩) | ૧૦-૦૭-૨૦૨૫<br>ગુરુવાર | ગુરુપૂર્ણિમા, વ્યાસપૂર્ણિમા<br>યજમાનશ્રી : આશીર્વાદ પરિવાર |
| (૪) | ૧૪-૦૯-૨૦૨૫<br>રવિવાર | ૧૨૮મો શ્રીહરિ મોટાનો જન્મદિન ઉત્સવ (મિલન સમારંભ)<br>યજમાનશ્રી : શ્રી રમેશચંદ્ર મોહનલાલ ભટ્ટ પરિવાર કપડવંજ તેમજ શ્રી અલ્કેશભાઈ ભટ્ટ (હાલ અમદાવાદ) |
| (૫) | ૦૨-૧૦-૨૦૨૫<br>સોમવાર | દશેરા, વિજયા દશમી, ધજારોહણ કાર્યક્રમ<br>યજમાનશ્રી : આસરા પરિવાર, અમદાવાદ |
| (૬) | ૧૩-૧૦-૨૦૨૫<br>સોમવાર | ભાઈશ્રી નંદુભાઈનો જન્મદિન<br>**(તિથિ મુજબ આસો સુદ પાંચમ-પાંચમું નોરતું)** |
| (૭) | ૨૦-૧૦-૨૦૨૫<br>સોમવાર | દિવાળી, દીપાવલી, ચોપડાપૂજન<br>(ચોપડા પૂજનનો સમય ૯:૦૦ થી ૧૨:૦૦ સુધી) |
| (૮) | ૨૨-૧૦-૨૦૨૫<br>બુધવાર | નૂતન વર્ષારંભ (વિક્રમ સંવત ૨૦૮૨ પ્રારંભ) |

**: નોંધ :**

(૧) દરેક ઉત્સવના વિગતવાર કાર્યક્રમ હવે પછીના વખતો વખત અત્રે પ્રસિદ્ધ કરવામાં આવશે.

(૨) ઉત્સવોની ઉજવણીનું સ્થળ દર્શાવેલ ન હોય ત્યારે હરિઃૐ આશ્રમ, નડીયાદમાં ઉજવણી કરવામાં આવશે.

(૩) ચોપડા પૂજનના સમયે સ્વજનો અગાઉથી જાણ કરીને હાજર રહી શકશે, જેથી વ્યવસ્થા કરવામાં સુગમતા રહે.



## પૂજ્ય શ્રીમોટાને દીક્ષાદિને અંજલિ-મંગલાષ્ટક

(શાર્દૂલવિક્રીડિત)

આજે મંગલ "પંચમી" જીવનનાં માંગલ્યના જન્મની !
કેવી ધન્ય પળો ગુરુમિલનની ચૈતન્ય "દીક્ષા" મળી !
જેનાં અંતરમાં અખંડ પ્રગટી ઓજસ્વી દીપાવલિ !
એવા ચેતનરૂપ હે પ્રિય ગુરો ! પાદામ્બુજે અંજલિ ! ૧

સીતારામતણા પવિત્ર યુગનો આદર્શ ઊંચો અતિ,
પ્રત્યક્ષે પ્રગટાવીને જીવનમાં જે દિવ્ય પામ્યા સ્થિતિ;
જેણે સ્વાર્પણ યજ્ઞમાં હર પળે આહુતિ અર્પ્યા કરી,
એવા ત્યાગ સ્વરૂપ હે પ્રિય ગુરો ! પાદામ્બુજે અંજલિ ! ૨

જેનાં અંતરમાં રમે હર પળે દૈવી પ્રભુચેતના,
જેની આત્મનિકુંજમાં વિકસતી અંતર્મુખી ભાવના;
સાકારે પ્રભુ દિવ્ય પ્રેમ સ્વરૂપે પ્રત્યક્ષ જેનાં મહીં,
એવા પ્રેમસ્વરૂપ હે પ્રિય ગુરો ! પાદામ્બુજે અંજલિ. ૩

શ્વાસોશ્વાસ મહીં વહે જીવનનું સંગીત જેનાં હૃદે,
સંસારે સ્થૂળ ત્યાગ-ભોગ પર જે આનંદ હૈયે રમે !
સાષ્ટાંગે પ્રણિપાત આજ કરતાં ભાવાશ્રુ ધારા વહી !
એવા દિવ્ય સ્વરૂપ હે પ્રિય ગુરો ! પાદામ્બુજે અંજલિ ! ૪

જેનું દ્વૈત થયું વિલીન જગમાં અદ્વૈતના ભાવમાં,
આત્માનંદ મહીં સદા વિહરતા તાદાત્મ્ય આધારમાં ;
જેના ચેતન સંગથી સ્વજનની ઊર્ધ્વે ગતિ થાય શી !
એવા ચૈત્ય સ્વરૂપ હે પ્રિય ગુરો ! પાદામ્બુજે અંજલિ. ૫

આજે શ્રી હરિઃૐ તણા સ્તવનથી ગાજે ગિરિ-કંદરા,
પ્રેરે જે ઉરસ્પંદને ધબકતી આ મંત્રની ચેતના !
શીળી ને કરુણામયી તવ કૃપા પ્રેમાગ્નિ જ્વાલા સમી !
એવા જ્ઞાનસ્વરૂપ હે પ્રિય ગુરો ! પાદામ્બુજે અંજલિ. ૬

આજે ધન્ય ઘડી પ્રભુમિલનની ચૈતન્યના જન્મની !
તારા મંગલ પર્વની હૃદયમાં સ્મૃતિ રહો પાવની;
અર્પી તેં પ્રભુપાદમાં જીવનના ઐશ્વર્યની અંજલિ,
એવા ભક્તિસ્વરૂપ હે પ્રિય ગુરો ! પાદામ્બુજે અંજલિ. ૭

હૈયાના શુભ ભાવની તવ પદે અર્પું ગુરુદક્ષિણા !
વ્હેજો આ ગુરુભાવ ગંગહૃદયે એવી પદે પ્રાર્થના !
ચેતાવી શુભ પ્રેમયજ્ઞ જીવને તારી કરું અર્ચના !
આહુતિ દઈને અખંડ દિલની પામું તને સર્વદા. ૮

– સરોજબહેન કાંટાવાળા

**(Printed Matter)**

**Bi-monthly RNI No. GUJGUJ/2018/76364**

Printed and Published by RAJENDRA BACHUBHAI RAVAL on behalf of HARI OM ASHRAM - NADIAD and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., City Mill Compound, Kankaria Road, Ahmedabad-380022 and **published from HARI OM ASHRAM - P.B. No. 74, NADIAD-387001.**

Hon'ble Editor RAJENDRA BACHUBHAI RAVAL